**સુવિચાર**

''સદ્વિચાર સનગ્લાસ પહેરી લઈશું તો, ખોટા વિચારોના પરિતાપથી બચી જવાશે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૯/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
રવિવાર સ્પે.
સ્પે.ઉંધિયુ, ખાંડવી, ઢોકળા, રસપાત્રા, ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા વદ-૬ વર્ષ : ૧૬ અંક : ૨૩૨


## સહકારી અગ્રણી પી.પી. સોજીત્રાનાં માર્ગદર્શનતળે પૂર્વ નગરસેવક પંકજ રોકડે સિટી પોલીસમાં અરજી આપી

# અમરેલીનાં ફાયર અધિકારી સામે લાખો રૂપિયાના ભ્રષ્ટાચારનો આક્ષેપ

**ફાયર એનઓસી નં. ૩૭૦ અને ૪૦૩ બનાવટી હોવાનાં આધાર-પુરાવા પણ ફરિયાદ અરજીમાં સાથે જોડાયા**

**જે બિલ્ડિંગની બાંધકામની મંજૂરી નથી તેને પણ ફાયર એનઓસી આપી દીધાનું જણાવાયુ**

**ફાયર અધિકારી વિરૂધ્ધ આઈપીસીની કલમ-૨૧૭, ૨૧૮, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ સહિતની કલમ સાથે ગુન્હો નોંધવા જણાવાયુ**

**૨૧ સપ્ટેમ્બરનાં રોજ અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રૂબરૂ રજૂઆત કરવાની પણ તૈયારી દર્શાવી**

અમરેલી, તા. ૧૨

અમરેલી પાલિકાનાં પૂર્વ નગરસેવક પંકજ રોકડે સિટી પોલીસ સ્ટેશનમાં અમરેલીનાં ફાયર અધિકારી એચ.સી. ગઢવી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માંગ કરેલ છે અને ફરિયાદ અરજીની નકલ ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટીશ, અમરેલી ડીસ્ટ્રીકટ જજ અને જિલ્લા પોલીસ અધિક્ષકને રવાનાં કરતાં ભારે ચકચાર ઉભી થઈ છે.





પૂર્વ નગર સેવકે ફરિયાદ અરજીમાં જણાવેલ છે કે, અમરેલી શહેરમાં નગરપાલિકામાં હાલ ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતા હરીકૃષ્ણદાન ચતુરદાન ગઢવી કે જે લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરીને બોગસ ફર્ઝી ફાયર એનઓસી કાઢી આપે છે. જેના બે ઉદાહરણ તમામ પુરાવા સાથે છે.

વધુમાં જણાવ્યું કે, ફાયર એનઓસી નં. AM/FIRE/370/ 2022-23 નંબરની ફાયર એનઓસીમાં કંપનીનું નામ SAFE & CARE FIRE SOLUTION ધ્વારા કામ કરવામાં આવેલ છે તેવું લખવામાં આવેલ છે. પરંતુ આ કામ ઉપરોકત કંપની ધ્વારા કરવામાં આવેલ નથી. આ બિલ્ડીંગનું કામ INSIDE SOLUTION CO. ધ્વારા કરવામાં આવેલ છે જે કંપનીનું કવોટેશન આ અરજી સાથે સામેલ કરેલ છે. જેનાથી આપને વિદીત થવા વિનંતી. આ પરથી નકકી થાય છે કે ફાયર ઓફિસર હરીકૃષ્ણદાન ચતુરદાન ગઢવી ધ્વારા ફર્ઝી એનઓસી આપવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ફાયર એનઓસી નં. AM/FIRE/403/ 2022-23 Date o 15-02-2023 નંબરની ફાયર એનઓસી કે જે બિલ્ડીંગ ૭ માળનું છે જેની ફાયર એનઓસી આપવાનો અધિકારી ફાયર અધિકારી ગઢવીનો ન હોય તેમ છતાં બંને એનઓસીમાં તેઓની ઓરીજનલ સહિ છે. જેથી ઉપરોકત એનઓસી

**અનુસંધાન પાના ૬ ઉપર**

## માર્કેટયાર્ડનાં ચેરમેન પી.પી. સોજીત્રા દ્વારા

# અમરેલી પાલિકાનાં ચીફ ઓફિસર પણ ફાયર અધિકારીને છાવરી રહ્યાનો આક્ષેપ

**આરટીઆઈ અંતર્ગત માહિતી આપવામાં કર્યા ઠાગાઠૈયા**

અમરેલી, તા. ૧૨

અમરેલીનાં ફાયર અધિકારી ગઢવી ઉપર પાલિકાનાં ચીફ ઓફિસરનાં પણ આશીર્વાદ હોવાનો આક્ષેપ માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ કર્યો છે.

તેઓએ ''અમરેલી એકસપ્રેસ'' સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ફાયર એનઓસી અંગે માહિતી માંગતાં ચીફ ઓફિસરે ફાયર અધિકારીને ૨ દિવસમાં વિગતો આપવા જણાવેલ. પરંતુ, ૯ દિવસ બાદ ફાયર વિભાગે જવાબ આપ્યો કે ફાયર અધિકારી તાલીમમાં ગયા હોવાથી માહિતી આપી શકાય નથી અને આવા ઉડાઉ જવાબને પાલિકાનાં ચીફ ઓફિસરે ગ્રાહ્ય રાખેલ અને દર્શાવે છે કે ચીફ ઓફિસરનાં પણ આશીર્વાદ ફાયર અધિકારીને છે તે સ્પષ્ટ સાબિત થાય છે.

## ઉછીના નાણા લીધા અને પરત ન કરતા

# બાબરા : કોર્ટે ચેક રીટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની સજા ફટકારી

**બમણી રકમ ભરવા આદેશ થયો**

બાબરા, તા. ૧૨

બાબરાના ફરીયાદી વિક્રમભાઈ સોની પાસેથી આ કામના આરોપી જીજ્ઞેશભાઈ નર્મદાશંકર જોષી (રહે કરીયાણા તાલુકો બાબરા) એ રૂપિયા ૧.૬૩.૦૦૦/૦૦ ની રકમ ઉછીના પેટે મેળવી અને જયારે ફરિયાદ રકમની માંગણી કરતા આરોપી દ્વારા ચેક આપવામા આવ્યો હતો જે ચેક બાઉન્સ થતા ફરિયાદી દ્વારા બાબરા કોર્ટમા નેગો ઈન્સ્ટુ એકટ મુજબ ફોજદારી ફરિયાદ દાખલ કરેલ જે ચાલી જતા આરોપી જીજ્ઞેશ જોષીને તકસીરવાન ઠેરવી એક



વર્ષની કેદની સજા એન ડબલ રકમ ભરવાનો હુકમ કરેલો હતો ફરિયાદી તરફે વકીલ કૌશીકભાઈ ભરાડ રોકાયેલા હતા.

## પીજીવીસીએલનો ઈલેવન કેવીનો વાયર તુટી પડયો

# રાજુલાનાં નવા આગરીયા ગામે શ્રમિકનું ઈલેકટ્રીક શોક લાગવાથી મોત નિપજયુ

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૨

રાજુલા તાલુકાના નવા આગરીયા ગામે કનુભાઈ બાવભાઈ છોટાળાની વાડીએ રહેતા નરેશભાઈ દેવાભાઈ બરજોડ નામના પરપ્રાંતિય ખેતમજુર ગત તા. ૧૧/૯/૨૫ ના બપોરના આશરે બપોરના ૧૨ થી ૨ વાગ્યાના દરમિયાન વાડીએ હતા. ત્યારે ત્યાંથી પસાર થતી વીજ કંપનીની ઈલેવન વીજળીનો તાર તુટી અને ખેતરની ફરતે બાંધેલ ઝટકા મશીનના તાર ઉપર પડેલ હોય. આ ખેતમજુર ભુલથી ઝટકા મશીનના તારને અડી જતા તેમને ઈલેકટ્રીક શોક લાગી જતા તેમનું મોત નિપજયું હતું. આ બનાવ અંગે પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પીજીવીસીએલની ટીમને ધમકાવવા બદલ

# બગસરાનાં માવજીંજવા ગામનાં સરપંચ વિરૂધ્ધ નાયબ ઈજનેરે ફરિયાદ નોંધાવી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૨

બગસરાનાં માવજીજવા ગામે ગઈકાલે વીજ ચેકીંગ અર્થે ગયેલ પીજીવીસીએલ ટીમને ધમકાવનાર ગામનાં સરપંચ મુન્નાભાઈ ઉર્ફે મહેશભાઈ ચભાડીયા વિરૂધ્ધ નાયબ ઈજનેર દિગેશકુમાર દેસાઈએ સ્થાનીક પોલીસમાં ફરયિાદ નોંધાવેલ છે.

## જેશીંગપરાનાં મનસુખભાઈ રાઠોડ નામના

# અમરેલીનાં યુવકે લોનનાં હપ્તા ન ભરી શકવાની સ્થિતિમાં ઝેરી દવા પી લીધી

**સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન અંતિમશ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૨

અમરેલીના જેશીંગપરા વિસ્તારમાં શેરી નં. ૩માં રહેતા મનસુખભાઈ અમૃતભાઈ રાઠોડ નામના ૪૦ વર્ષિય યુવકે અગાઉ લીધેલ લોનનું દેવું થઈ ગયેલ હોય અને પોતે હપ્તા પણ ભરી શકતા ના હોય. જેથી યુવકને મનમાં લાગી આવતા ગત તા. ૧૧ ના રોજ સાંજે ૫:૩૦ પહેલાં કોઈ પણ સમયે પોતે પોતાની મેળે કોઈ ઝેરી દવા પી જતા તેમને સારવાર માટે અમરેલીની સિવીલ હોસ્પીટલમાં ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન તા. ૧૧ ના રોજ સાંજે ૭:૫૫ વાગ્યે તેમનું મોત નિપજયું હતું. આ બનાવ અંગે પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી

# ભૈ વાહ : અમરેલી અને કુંકાવાવ પંથકનાં ૧૪ માર્ગો માટે ૧૨.૯૫ કરોડ મંજૂર

**નાયબ દંડકે મુખ્યમંત્રીનો આભાર માન્યો**

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લાના જાગૃત અને ઉત્સાહી ધારાસભ્ય તથા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા પોતાના મતવિસ્તારના કામો માટે રાત દિવસ પ્રયત્નશીલ રહેતા હોવાની પ્રતીતિ પુનઃ એક વાર થઈ રહી છે.

અમરેલી તાલુકાના ૧૦ અને કુંકાવાવ તાલુકાના ૪ રસ્તાઓ એમ કુલ



૧૪ સી.સી. રોડની જરૂરિયાત હોય રાજયના મુખ્યમંત્રીને ધારાસભ્ય દ્વારા

**અનુસંધાન પાના ૬ ઉપર**

## નાયબ દંડક વેકરિયાએ રકમ મંજુર કરાવી

# ભૈ વાહ : અમરેલીમાં રૂપિયા ૦૫ કરોડનાં ખર્ચે તાલુકા પંચાયતનું મકાન બનશે

**આગામી દિવસોમાં નવા મકાનની કામગીરી શરૂ થશે**

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લાના ધારાસભ્ય તથા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાના પ્રયાસોથી નવીન અમરેલી તાલુકા પંચાયતના ભવન માટે રૂા. ૦૫ કરોડના ખર્ચે તાલુકા પંચાયત ભવનના અદ્યતન બિલ્ડિંગ બનાવવાના કામને મંજુરી મળતા આગામી દિવસોમાં તાલુકા પંચાયતના નવુ ભવન નિર્માણ પામશે.

તાલુકા પંચાયતના નવા બિલ્ડિંગના કામ માટે ટેન્ડરની પ્રક્રીયા હાથ ધરવામાં આવતા ટુંક સમયમાં જ આ કામ શરૂ કરવામાં આવનાર હોવાનુ જાણવા મળેલ છે.













# અમરેલીમાં સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને ભૂલકાં મેળો યોજાયો



નાના ભૂલકાંઓના વાલીઓ બાળઉછેર અને તેમના સર્વાંગી વિકાસ માટે સજાગ બને તે ઉમદા આશય સાથે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને ભૂલકાં મેળો–૨૦૨૫ યોજાયો હતો. અમરેલી જિલ્લા પંચાયતના પરિસરમાં ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ સ્કીમ–આઈસીડીએસ શાખા દ્વારા આયોજિત આ ભૂલકાં મેળામાં આંગણવાડીના બાળકો અને તેમના માતાઓ ઉપરાંત આંગણવાડી કાર્યકર બહેનો વગેરે ઉત્સાહભેર સહભાગી બન્યા હતા. અમરેલી જિલ્લામાં આઈ.સી.ડી.એસ. ના ૧૩ ઘટકોના આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા “પા પા પગલી” પ્રોજેકટ અંતર્ગત નિર્મિત ૨૬ ટીચિંગ લર્નિંગ મટીરીયલ– ટીએલએમ એટલેકે, બાળકો સરળતાથી શીખી શકે તેવા કલાત્મક મોડલ્સનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ મુજબ ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે નાના બાળકોનું ઘડતર પણ એટલું જ મહત્વનું છે. આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા નાના ભૂલકાઓમાં સંસ્કાર સિંચનનું ખૂબ મહત્વનું કામ થઈ રહ્યું છે, આ બાળકોના સર્વાંગી વિકાસથી રાષ્ટ્ર નિર્માણ શકય બનશે. આ સાથે તેમણે સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન મળી રહે તે માટે આવનાર નવરાત્રી વગેરે તહેવારમાં સ્વદેશી વસ્તુઓ ખરીદવાનો પણ અનુરોધ કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ આઈસીડીએસ વિભાગની અગત્યતા સમજાવતા જણાવ્યું કે, બાળકોના જન્મ પહેલા અને પછી પણ તેમના આરોગ્ય અને સર્વાંગી વિકાસની દરકાર આઈ.સી.ડી.એસ. દ્વારા લેવામાં આવે છે, જે ખૂબ જવાબદારીભર્યું કામ છે, તેને સુપેરે નિભાવવાનો અનુરોધ કર્યો હતો. ઉપરાંત તા.૧૭મી સપ્ટેમ્બરથી પોષણ માસ અને સ્વચ્છતા હી સેવા અભિયાન –સ્વચ્છતા ઉત્સવની ઉજવણી થનાર છે. તેમાં પણ સૌને ઉત્સાહભેર સહભાગી બનવા અપીલ કરી હતી. આ પ્રસંગ અગ્રણી અરવિંદભાઈ ચાવડાએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. નાના ભૂલકાઓએ પણ જુદી જુદી કૃતિઓ રજૂ કરી હતી અને અગ્રીમ સ્થાન હાંસલ કરનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત શ્રેષ્ઠ ટીચિંગ લર્નિંગ મટીરીયલ બનાવવામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર આંગણવાડી કાર્યકર બહેનોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટે શાબ્દિક સ્વાગત અને સીડીપીઓ મમતાબેન કથીરિયાએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અગ્રણી સર્વ જીતુભાઈ, નીતિનભાઈ, ધીરૂભાઈ, વિપુલભાઈ ભટ્ટી સહિતના મહાનુભાવો ઉપરાંત નેશનલ ન્યુટ્રીશન મિશનના ફાલ્ગુનીબેન યાદવ, ઉદય વાવડીયા, પા પા પગલી પ્રોજેક્ટના કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### પોષક આહારના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા

## ભુવા ગામમાં આંગણવાડી કાર્યકરો અને હેલ્પરો દ્વારા વાનગી સ્પર્ધા યોજાઈ

### વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના ભુવા ગામમાં તાજેતરમાં આંગણવાડી કાર્યકરો અને હેલ્પરો માટે એક અનોખી વાનગી પ્રદર્શન અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાલ્ગુનીબેન શેલારના નેતૃત્વ હેઠળ ભુવા, જુનાસાવર, ધાર, કેરાળા, અમૃતવેલ અને મોલડી ગામના કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગુજરાત સરકારની ICDS શાખા દ્વારા આપવામાં આવતા THR, મિલ્ક ટેસ્ટ અને પ્રીમિક્સ જેવી પોષક સામગ્રીઓનો ઉપયોગ કરી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓ બનાવવા માટે પ્રોત્સાહન આપવાનો હતો.

આ સ્પર્ધામાં આંગણવાડીની બહેનોએ પોતાની રસોઈ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. તેમણે મિલ્ક ટેસ્ટમાંથી મંચુરિયન, બિસ્કિટ અને સુખડી જેવી વિવિધ વાનગીઓ બનાવીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. આ કાર્યક્રમમાં ભુવા ગામના સરપંચ, ઉપસરપંચ અને મંત્રીએ હાજરી આપી તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાના અંતે વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા હતા. મિલ્ક ટેસ્ટ વાનગી સ્પર્ધાના વિજેતાઓ પ્રથમ સૂર્યવંશી જયોતિબેન ડી. દ્વિતીય બગડા ભાવનાબેન એ. તૃતીય ચોખ્ખીયા શરીફાબેન જમાલભાઈ તેમજ પ્રીમિક્સ વાનગી સ્પર્ધાના વિજેતાઓ પ્રથમ પાનસુરીયા પાયલબેન વી, દ્વિતીય બગડા લાભુબેન ડી, તૃતીય લશ્કરી વીણાબેન એ. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ભુવા આંગણવાડી કેન્દ્રના કાર્યકર પુરોહિત હરિતાબેન બી. દ્વારા કરવામાં આવ્યું હતું.

સાવરકુંડલાથી આવેલ આશા વર્કર નયનાબેન એન. વનરાએ નિર્ણાયક તરીકેની સફળ ભૂમિકા ભજવી હતી. અંતે, તમામ સ્પર્ધકોને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમથી આંગણવાડીના સ્ટાફમાં નવી ઉર્જાનો સંચાર થયો અને પોષણયુક્ત આહારના મહત્વ વિશે જાગૃતિ પણ ફેલાઈ.

## બાબરાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટની ચારે તરફ ૧૦૦ મીટર વિસ્તારમાં અવરજવર પર પ્રતિબંધ

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટ ખાતે તા. ૭/૯/૨૦૨૫ થી તા.૨૧/૯/૨૦૨૫ સુધી પોલીસ કર્મચારીઓનું વાર્ષિક ૨૦૨૫ ફાયરિંગ પ્રેકિટસ થનાર હોય. આ સ્થિતિમાં ફાયરિંગ પ્રેકિટસના સમયગાળા દરમિયાન તકેદારીના ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧) બી હેઠળ અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તા.૨૧/૯/૨૦૨૫ સુધી ફાયરિંગ બટ માટે મુકરર થયેલી બાબરા તાલુકાના વાંકીયા ગામના સરકારી પડતર રે.સ.નં ૬૦૧, હે.૩–૮૮–૬૩ ચો.મી વાળી જગ્યા ફાયરિંગ બટ માટેની મુકરર જગ્યાને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નક્કી છે. તે મુજબ તે જગ્યાની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી રાહદારીઓની અવર–જવર પર પ્રવેશબંધી છે. આ હુકમ ભંગ કરનાર વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૧ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થશે.

## દામનગર ખાતે સામૂહિક પશુ આરોગ્ય કેમ્પ યોજાયો



દામનગર, તા. ૧૨

દામનગર ખાતે લાઠી તાલુકા પશુ આરોગ્ય કેન્દ્રોના તબીબો દ્વારા સામુહિક પશુ આરોગ્ય તપાસ સારવાર કેમ્પ યોજાયો લાઠી અને દામનગર પશુ ચિકિત્સકોની ટિમ દ્વારા વિવિધ ગૌશાળા પાંજરાપોળ સહિત અને માલધારી નેસડાઓમાં રૂબરૂ પશુ આરોગ્ય તપાસ સારવાર કરાય દામનગર ખાતે પશુ દવાખાના લાઠી અને પશુ દવાખાના દામનગરની ટીમ દ્વારા નિશુલ્ક પશુ સારવાર કેમ્પ અને રસીકરણ કરેલ જેમાં આશરે ૩૦૦ થી ૩૫૦ જેટલા પશુ આ ને આવરી લીધેલ હતો અનેક પશુ પાલકો એ પોતાના પશુઓની તપાસ સારવાર સાથે રસીકરણ કરાવી પોતાના પશુઓનું આરોગ્ય સુનિતિ કરાવી સંતોષ વ્યકત કર્યો હતો પશુ પાલકોને મુંઝવતા અનેક જટિલ પ્રશ્નો અંગે પશુ તબીબો એ માર્ગદર્શન આપી સર્વને અવગત કર્યા હતા અને એનિમલ દવાઓની સમજ સાથે પશુઓની તપાસ સારવાર કરાય હતી.

## અમરેલી ખાતે કપોળ મહાજન દ્વારા વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા. ૧૨

અમરેલી કપોળ મહાજન તથા નેત્રાલય સંયુકત ઉપક્રમે વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ સેવા પ્રથમ કેમ્પનું સુચારૂ અને દર્દીને નારાયણના સ્વરૂપમાં આવકારી સંપન્ન થયું હતું.

અમરેલી કપોળ મહાજન જ્ઞાતિબંધુની સેવાની સાથે સમાજના દરેક વર્ગના પણ આપણે રૂણી છીએ એ ભાવ સાથે સમગ્ર સમાજને આવરી લેતી સેવાને એક વર્ષ માટે દત્તક સ્વરૂપે સ્વીકારી આજથી લઈને ઓગસ્ટ ૨૦૨૬ સુધી દર મહિનાના બીજા ગુરૂવારે આ સેવા કેમ્પનું આયોજન કરી રહી છે.

આ પ્રથમ કેમ્પમાં ૫૧ દર્દી નારાયણએ લાભ લીધો હતો. નેત્રાલય કપોળ મહાજન પણ આ સેવાયજ્ઞમાં ખડે પગે રહી હતી. કપોળ મહાજનનો આ પ્રથમ કેમ્પ ખૂબ જ સંતોષકારક રીતે પૂર્ણ થયો જેનો આનંદ આયોજક સંસ્થાની સાથે હાજર તમામ દર્દી નારાયણ પણ સંતોષ વ્યકત કરી વિદાય થયા હતા.

અમરેલી કપોળ મહાજનની સત્કારની પરંપરા રૂપ તમામ દર્દી નારાયણને ચા પાણીની વ્યવસ્થા અને સેવા આપનાર સુદર્શન નેત્રાલય અમરેલીના સ્ટાફને નાસ્તો કરાવી સંતૃપ્ત કર્યા હતા.

### પ્રધાનમંત્રી જીવન જયોત યોજના અંતર્ગત

## ચલાલા : એસબીઆઈ દ્વારા લાભાર્થીને રૂપિયા બે લાખનો ચેક અર્પણ

### બેન્કના મેનેજરે તમામ ખાતેદારોએ આ યોજનાનો વધુમાં વધુ લાભ લેવા જણાવ્યું



ચલાલા, તા. ૧૨

ચલાલા એસબીઆઈમાં લાભાર્થી પરિવારને પ્રધાનમંત્રી જીવન જયોત વીમા યોજના અંતર્ગત ૨ લાખનો ચેક અર્પણ કરાતા લાભાર્થી પરિવારજનોએ એસબીઆઈની કામગીરીને બિરદાવેલ છે. ચલાલા એસબીઆઈના હેડ કેસીયર કાળુભાઈ વાળાએ જણાવેલ છે કે ચલાલા એસ.બી.આઈ. શાખામાં કોઈપણ વ્યકિત નાણાંની લેવડદેવડ કરવા માટે આવે ત્યારે અમો તેઓને કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જીવન જયોત વીમા યોજના અંતર્ગત જણાવીએ છીએ કે જે ગ્રાહક અમારી બેંકમાં નાણાકીય લેવડ–દેવડ માટે સેવિંગ ખાતું ધરાવતા હોય અને તેમની ઉંમર ૧૮ વર્ષથી ૫૦ વર્ષ સુધીની હોય તેઓએ આ યોજના અંતર્ગત વાર્ષિક ૪૩૬ ભરતા હોય તેઓને આ યોજનાનો અમૂલ્ય લાભ મળે છે. કોઈપણ ગ્રાહકનું આકસ્મિક કે કુદરતી રીતે મૃત્યુ થયું હોય તો તેમના વારસદારને રૂપિયા બે લાખ આ યોજના અંતર્ગત મળે છે. તેવી રીતના ચલાલા એસ.બી.આઈ.ના ગ્રાહક ઉમેશભાઈ દિનેશભાઈ સોલંકી તેમની હયાતીમાં આ યોજનામાં જોડાયેલા હતા. અને તેઓનું ટૂંકી બીમારી બાદ મૃત્યુ થયેલ હતું. તો તેમના વારસદાર દિનેશભાઈ સોલંકીને બે લાખ રૂપિયાનો ચેક આજરોજ એસબીઆઈ ચલાલા શાખાના મેનેજર ચંદનકુમાર દ્વારા પરિવારજનોની ઉપસ્થિતિમાં આપવામાં આવ્યો હતો. આ તકે સ્ટાફના સમીર ગોંડલીયા વેંકટેશ દુબે, કાળુભાઈ વાળા, નરેશભાઈ ચાવડા, અલ્પેશભાઈ મકવાણા, સહિત સ્ટાફના હાજર રહ્યા હતા પરિવાર વતી પરિવારના અનિભાઈ સોલંકીએ એસબીઆઈ સ્ટાફની કામગીરીની સરાહના કરી સંતોષની લાગણી સાથે તમામનો આભાર વ્યકત કર્યો હતો.




# બાબરામાં શ્રી વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા પ્રથમ વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરામાં સુવાળીયા ઠાકોર સમાજના શ્રી વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા પ્રથમ વિદ્યાર્થી સન્માનું ભવ્ય આયોજન અહીં આવેલ પ્રજાપતિ સમાજની વાડી ખાતે કરવામાં આવ્યુ હતું. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીના અધ્યક્ષ સ્થાને આયોજીત વિધાર્થી સન્માનિત કાર્યક્રમમાં સમાજ સુરક્ષા અધિકારી તેમજ સમાજના આગેવાનો એડવોકેટ રાજુભાઈ બારીયા, પોલીસ કોસ્ટેબલ અલકા બેન પીલુકિયા, નટુભાઈ જાસલિયા, ભુપતભાઈ પંચાસરા, બીજલભાઈ ડાભી, પુનાભાઈ ડાભી, મનસુખભાઈ પાડલીયા, સવાભાઈ બારૈયા, ખોડલ મકવાણા, મનસુખભાઈ વરસડા, મૂળજીભાઈ વરસડા, મહેશભાઈ, દિનેશ ડાભી સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ધોરણ ૫ થી કોલેજ સુધીના સમાજના તેજસ્વી તારલાઓને અહીં અધિકારીઓ તેમજ સમાજમાં આગેવાનોના વરદ હસ્તે શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાજ કલ્યાણ અધિકારી દ્વારા અહીં રાજય સરકારની વિવિધ યોજનાઓ વિષે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ શિક્ષણ ઉપર ભાર મૂકી દીકરા કે દીકરીનો ભેદ નહિ કરી દરેક સમાન અધિકારીઓ આપી શિક્ષણ આપવું તેમજ અન્ય કુરિવાજો અને વ્યાસન સમાજ દૂર રહે તેવી અપીલ પણ સમાજના અગ્રણી સુરેશભાઈ ધાખડા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા વેલનાથ પ્રગતિ મંડળના પ્રમુખ સુરેશભાઈ ધાખડાના માર્ગદર્શન હેઠળ મુકેશભાઈ પીપળવા, ભાવેશ જંજવાડીયા, રાહુલ જાસલિયા, આકાશ કાનપરા. કે. બી. રાઠોડ, કાંતિભાઈ કડેવાળ, લાલજી મકવાણા, દિલીપ ચૌહાણ, અમિત પીપળવા, અલ્પેશ મકવાણા, અલ્પેશ ડાભી, જેઠાભાઈ કાલરીયા, મુકેશભાઈ જાસલીયા, મુકેશભાઈ ડાભી, પ્રકાશ ડાભી, હાર્દિક સોલન્કી, સંજય રાઠોડ, સુનિલ બાહોપિયા વગેરે જેહમત ઉઠાવી હતી.

## ઓક્ટોબર-૨૪માં થયેલ અતિવૃષ્ટિમાં ખેતીપાકોમાં થયેલ નુકસાનીનાં સર્વેને લઈને

# હવે બગસરાનાં લુંધીયા ગામનાં ખેડૂતોમાં નારાજગી

**દિ'ઉગેને કોઈને કોઈ વિસ્તારનાં ખેડૂતો સ્થાનિક અધિકારી સમક્ષ રજૂઆત કરી રહ્યા છે**

**અતિવૃષ્ટિથી માત્ર કપાસનાં પાકને જ નુકસાન થયાનો સર્વે હાસ્યાસ્પદ બની રહ્યો છે**

**નજીક નજીકમાં આવેલ ગામોમાં પણ એક ગામમાં કપાસને નુકસાન અને બીજા ગામમાં નુકસાનીનું સર્વે ન થયું**

**કૃષિ રાહત પેકેજમાં પ્રતિ એક રકમ ૧૧ હજારથી વધારીને ૨૦ હજાર કરવાની ખેડૂતોની માંગ**







અમરેલી, તા. ૧૨

બગસરાનાં લુંધીયા ગામનાં ખેડૂતોએ મામલતદાર મારફત રાજય સરકારને આવેદનપત્ર પાઠવીને લુંધીયા ગામનાં ખેડૂતોને થયેલ નુકસાનીનું વળતર ચુકવવા માંગ કરી છે.

ખેડૂતોએ જણાવ્યું કે કપાસ સિવાયનાં અન્ય પાકમાં પણ અતિવૃષ્ટિથી નુકસાન થયેલ હોય પ્રતિ એકર રૂપિયા ૨૦ હજારની સહાય કરવાની માંગ કરેલ છે.

અમરેલી જિલ્લો એ ખેતી પ્રધાન છે. જિલ્લાનાં મોટાભાગનાં વેપાર-ધંધા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખેતી સાથે જોડાયેલ છે અને દર વર્ષે ખેતી એટલે આકાશી રોજી હોય કયારેક દુષ્કાળ, કયારેક અતિવૃષ્ટિ કે કયારેક પાકમાં રોગચાળો સહિતનાં પડકારો વચ્ચે ખેડૂતો ખેતી કરી રહ્યા હોય અને આ ખેડૂતને સૌથી વધારે મદદની જરૂર હોય છતાં પણ સરકારી કર્મચારીઓની બેદરકારીથી હંમેશા ખેડૂતો અન્યાયનો ભોગ બની રહ્યા છે.

ગત વર્ષ ઓકટોબરમાં અમરેલી જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિથી જિલ્લાનાં કપાસ, મગફળી સહિતનાં લગભગ તમામ પાકોને વ્યાપક નુકસાન થયા બાદ રાજય સરકારે નુકસાનીનું સર્વે કરાવેલ અને આશ્ચર્યજનક બાબત એ છે કે સરકાર એવું માને છે કે અતિવૃષ્ટિમાં માત્ર કપાસનાં પાકને જ નુકસાન થયેલ હોય અન્ય પાકો બજારમાં આવી ગયા હશે અથવા તો અન્ય પાકને નુકસાન નહી થયું હોય.

સર્વે બાદ રાજય સરકારે ૧૫ દિવસ પહેલા જિલ્લાનાં ૬૦૦ જેટલા ગામોમાંથી માત્ર ૩૦૦ ગામોમાં ખેતીપાકોને નુકસાન થયાનું જાણીને માત્ર કપાસનાં પાકમાં નુકસાન ભોગવનાર ખેડૂતને પ્રતિ એકર રૂપિયા ૧૧ હજાર અને વધુમાં વધુ ૨ એકર રૂપિયા ૨૨ હજારની સહાય કરવાની જાહેરાત કરેલ.

સરકારની જાહેરાત બાદ અમરેલી જિલ્લાનાં ૩૦૦ ગામોનાં ખેડૂતોની બાદબાકી થયાનું બહાર આવતાં છેલ્લા ૨૫ દિવસથી જુદા-જુદા વિસ્તારનાં ખેડૂતો સ્થાનિક અધિકારી મારફત રાજય સરકાર સમક્ષ તેમની વેદના પહોંચાડી રહ્યા છે.

## ગુજરાત વિધાનસભામાં નાયબ સેક્શન અધિકારી તરીકે સંજય ખખ્ખર





સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા શહેરમાં આવેલ એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના અંતર્ગત વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીની બહેનોએ વકતૃત્વ અને નિબંધમા ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓમાંથી શાળાની વિદ્યાર્થીની બહેન ચુડાસમા ધારા નિબંધ સ્પર્ધામાં પ્રથમ રહી તાલુકા કક્ષાનું ૧૦૦૦૦નું ઈનામ પ્રાપ્ત કર્યુ હતું અને અજમેરી ફેરદોશ વકતૃત્વ સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી રૂપિયા ૭૦૦૦નું ઈનામ મેળવી શાળાનું નામ રોશન કર્યુ છે તેમને આચાર્યા ઉષાબેન તેરૈયા અને સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદી તેમજ શાળા પરિવાર દ્વારા તેમને ખોબલે ખોબલે અભિનંદન પાઠવવામાં આવે છે તેમજ નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન કામદાર, ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા દ્વારા વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવી ઉતરોતર પ્રગતિ કરો તેવી શુભેચ્છા વ્યકત કરી હતી. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઈન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઈલ સ્ટેન્ડ ■ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઈ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન ઈ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited
E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

Shreeji HOSPITAL
ડો. કાજલ બગડા M.S.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
લાંબા સમયથી રુઝાતા-ઘા, નાડીવ્રણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેક્શનનાં કારણે પરૂ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com


YAMAHA RACING યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS-Fi
lord of the streets
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
- ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
GST DEDUCTION OFFER
તારીખ 22/09/2025 થી GST ઘટવાનો હોવાથી દરેક વાહન પર અંદાજીત
₹ 6000 /-*
સુધીનો ફાયદો મળશે
સ્ટોક લિમિટેડ હોવાથી ફૂલ પેમેન્ટથી બૂકિંગ કરી લેવું
પરીખ હોન્ડા | રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...
શુદ્ધ ઘીમાં મોહનથાળ...
શુદ્ધ ઘીમાં બુંદી...
શુદ્ધ ઘીમાં મગીયા લાડુ...
વાટીદાળનાં ખમણ-પાત્રા...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. મસાલેદાર વાટીદાળના ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુદ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.

# ‘‘આત્મોન્નતિના રાજમાર્ગ એટલે સેવા અને સાધના’’



સત્ય, પ્રેમ, કરૂણા, અહિંસા, સેવા અને સાધના આ બધા આત્મિક ઉન્નતિના ચરણ છે, ખરેખર તો રાજમાર્ગો છે. આ બધામાંથી કોઈ પણ માર્ગને લઈને આગળ ચાલીશું તો અચૂક આત્માની ઉન્નતિ થશે અને મહાચેતનામાં ભળી શકીશું. શ્રી રામચંદ્રજીએ સત્યને પકડયું, શ્રીકૃષ્ણ અને ઈશુએ પ્રેમને હૃદયમાં સ્થાન આપ્યું, ભગવાન મહાવીર સ્વામીએ અહિંસા અને ગૌતમ બુધ્ધે કરૂણાનો માર્ગ પકડી પરમાત્મા સ્વરૂપ પામ્યા.

આજ રીતે સેવા અને સાધના પણ આત્મોન્નતિના મહત્ત્વના ચરણ છે. આપણે જાણીએ છીએ કે જ્ઞાનયોગ, ભકિતયોગ અને કર્મયોગ દ્વારા આત્માની ઉન્નતિ કરી શકાય છે. આત્મા કર્મેન્દ્રિયો વડે સેવા કરતો કરતો અંતે સિધ્ધ બને છે. આત્મોન્નતિ માટે ગૌતમ બુધ્ધે વિમાં વસતા જીવોનું શ્રેય કરવા પરોપકારાદિ કાર્યો વડે સેવા કરવાનું જણાવ્યું છે. ભગવાન મહાવીર સ્વામીએ અનેક ભવ્ય જીવોને તારવા ત્રીસ વર્ષ પર્યંત વિહાર કર્યો હતો. આ વિમાં સર્વ જીવોનો ઉદ્ધાર, ખરેખર સેવક બનીને સેવાધર્મ અને કર્મોમાં પ્રવૃત્ત થવાથી થાય છે.

આત્મોન્નતિ માટે સેવાને પણ યોગ જ માનવો પડશે. સેવાયોગ વગર તો જ્ઞાનયોગ, ભકિતયોગ કે આધ્યાત્મ માર્ગમાં પરિપૂર્ણસ્થિર નહિ થઈ શકાય. સેવાનું મહત્ત્વ સમજવતા ‘સેવા પરમો ધર્મ’, ‘જનસેવા એ જ પ્રભુસેવા’ કહીએ છીએ. માનવજાતિની સેવા ઈરની સેવા છે, બીજાના હિતની સેવા સ્વયંના હિતની સેવા છે. આ સિદ્ધાંતને જીવનમાં ઉતારવો જોઈએ. બીજાના દુ:ખની પીડા જયારે આપણી પીડા બનશે ત્યારે એ પીડા આપણામાં સેવાભાવ જગાવશે અને એ જ આપણને પૂર્ણતા અને પ્રભુત્વ તરફ લઈ જશે. માત્ર સેવાનો જ ભેખ લઈને વીરપુરના જલારામબાપા અને કચ્છના મેકરણદાદા પણ પ્રભુ સ્વરૂપને પામ્યા છે એ આપણે કયાં નથી જાણતા ? એવા બીજા પણ ઘણા ઉદાહરણો છે. સર્વ જીવોની સેવાકીય પ્રવૃતિઓ કરવી એ આપણી સ્વફરજ છે એવું ધારણ કરીએ તથા જીવોની ઉત્ક્રાંતિ માટે સેવા એ સ્વઆત્મોન્નતિ હેતુભૂત છે. એ હૃદયે ધરીને સ્વાધિકારે યથાશકિત સેવા કરવામાં મન, વાણી, કાયા, સત્તા અને ધનનો ઉપયોગ કરવો એ આપણું સ્વકર્તવ્ય છે.

સેવાની પ્રવૃત્તિથી સેવક ભાવ આવતા અહં ઓછો થાય છે, મન ધીરે ધીરે શુધ્ધ બનતું જાય છે, ચંચળતા ઓછી થાય છે, સ્થિર થાય છે, ઉદાર તેમજ વિશાળ બને છે અને સચરાચરમાં ઈરનું દર્શન કરે છે.

આત્મજ્ઞાનનો સંપર્ક મગ્ર પ્રાણીમાત્ર સાથે સહાનુભૂતિ

## પગદંડી/લેખન



### – પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )


દર્શાવવાથી થાય છે. સમગ્ર પ્રાણીઓ વિશકિતના જ અંગ–અવયવો છે પછી કોઈના પ્રત્યે પરાયાપણાનો ભેદભાવ શામાટે? જયાં સુધી પોતાની સંવેદનાને પોતાના સુધી મર્યાદિત રાખવામાં આવે છે, ત્યાં સુધી આ પરમતત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું શકય નથી. સ્વાર્થની સંકીર્ણ પ્રવૃત્તિ આપણને સત્યનો આભાસ થવા દેતી નથી. પરંતુ જયારે સ્વાર્થથી પરમાર્થ તરફ ગતિ કરીએ છીએ ત્યારે તમામ ગ્રંથિઓ આપોઆપ ખુલવા લાગે છે. સ્વાર્થી હૃદય છોડવાથી આત્માનુભૂતિ સંભવ છે. સૌની સાથે સેવાભાવવાળો સ્વભાવ રાખવાથી આત્મજ્ઞાનનો પ્રકાશ પરિવર્તિત થવા લાગે છે.

સાધનાના વિવિધ સોપાન છે, જે આપણને આત્મોન્નતિ તરફ લઈ જાય છે. સત્સંગથી અસંગતા આવે, અસંગપણાથી નિર્મોહીપણું આવે, નિર્માહીપણાથી ચિત્ત નિશ્ચળ થાય અને છેવટે આત્મોન્નતિ થતાં જીવનની મુકતદશા પ્રગટે છે.

પ્રભુભકિત આત્મસાધનાનું મહત્ત્વનું અંગ છે. જેનાથી આપણામાં દાસત્વભાવ આવે છે. ભકિતથી આત્મશુદ્ધિની અનેક શ્રેણીઓને પ્રાપ્ત કરીને સાધક છેક ઉપરની ભૂમિકાને સ્પર્શી શકે છે. આત્મવિચારમાં ચિંતન, મનન, નિદિપ્રયાસન, ધ્યાન, ધારણા, ભેદ જ્ઞાનનો અભ્યાસ વગેરે સર્વને આવરી લેવામાં આવે છે. આત્મચિંતનથી જ આત્મસાક્ષાત્કાર થાય છે. વૈરાગ્ય, તીવ્ર ઈચ્છા, હૃદયની શુદ્ધતા હશે તો સફળતા મળશે.

મહર્ષિ પતંજલિએ અષ્ટાંગયોગની વાત કરી છે. આ આઠ સોપાન એટલા મહવના છે કે તેના દ્વારા ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરીને એને સમાધિ સુધીની સર્વોચ્ચ કક્ષાએ લઈ જઈને પરમતવ સાથે એનું અનુસંધાન કરાવી શકાય છે. વિપશ્યના પપ્રધતિનો સાતત્યપૂર્વક અમલ કરીએ તો પણ આત્મિક ઉન્નતિ થઈ શકે છે.

આપણને જાણે અજાણે મનમાં ઠસી ગયું છે કે સુખ બહાર છે. પરિણામે આપણું ચિત્ત બહાર



ભટક્યા કરે છે. આની પાછળનું કારણ અવિદ્યા છે. જે લોકો જાગ્યા છે તેઓ પહેલી વાત ચિત્તને અંતર્મુખ કરવાની કહે છે. ચિત્તને અંદર તરફ સભાન પ્રયત્નોથી વાળવું તેનું નામ તપ છે. જે કંઈ વિચાર આવે તેને માત્ર જોવાના છે. નિર્વિચાર દશા એટલે વિચારને અટકાવવા એ નહિ, પણ વિચાર સાથે કશું કરવું નહિ તે. ચિત્તને ાસ પર જોડી દેવું જેથી વિચારનો પ્રવાહ અટકે. સાધનાને કારણે પહેલીવાર એવું બને છે કે વિચારની પ્રક્રિયા અટકી જાય પણ આપણે હોશમાં હોઈએ છીએ, સાધનાની શરૂઆત અહીંથી થાય છે. જેયાત્રા આપણે બેહોશીથી કરી રહ્યા હતા તે બોધપૂર્વક કરવી તેનું નામ સાધના. સતત જાગૃત રહીને પુરૂષાર્થ કરીને કેટલાય સાધકો આત્મોન્નતિ કરી શકયા છે. જયાં સુધી આપણી માનસિક ચેષ્ટાઓ બહિર્મુખી હોય છે ત્યાં સુધી વિપરીત પરિસ્થિતિઓ સાથે અથડાઈએ છીએ, પરંતુ જયારે સેવા અને સાધનાની જ દિશામાં દઢતાપૂર્વક ચાલી નીકળીએ છીએ ત્યારે આત્મોન્નતિ પણ સરળ બની જાય છે...!!!

**– હઠીસિંઘ ઝાલા**



# બાલ એકસપ્રેસ

**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## અસ્થિભંગ (Fracture)

જયારે હાડકું ભાંગી જાય અથવા તેમાં ફાટ પડે તેને અસ્થિભંગ કહે છે.મુખ્ય ત્રણ પ્રકાર છે : સાદો, બહારના જખમવાળો અથવા જખમવાળો.

**લક્ષણો :** દુખાવો. તે ભાગ આળો થાય, સોજો આવે. અવયવ બેડોળ લાગે, કડકડ અવાજ થાય, અકુદરતી હલચલ થાય.

**સારવાર :** ઈજા પામેલા ભાગને સીધો કરી ટેકો આપવો. હલચલ અટકાવવી. હાડકાંના ડોકટર પાસે લઈ જવો.

સાંધામાંથી હાડકું ખસી જાય તેને સાંધાનું લચકાઈ જવું (ડિસલોકેશન) કહે છે. સાંધો ખેંચાઈ જાય તેને મચકોડ કહે છે. આ બધામાં હલચલ અટકાવી તાત્કાલિક ડોક્ટરની સારવાર માટે લઈ જવો.

**બેશુદ્ધિ (Unconsciousness)** બેશુદ્ધિના બે તબક્કા હોય છે:૧. થોડી (Stupor)૨. પૂરેપૂરી (Coma)દરદીની સાથે વાત કરવાથી તેમજ આંખની કીકીની તપાસથી ખબર

**બેશુદ્ધિનાં કારણો** ૧. શરીરને લાગતો ધક્કો. (Shock) ૨. ાસાવરોધ ૩. ઝેર
૪. માથામાં થતી ઈજાઓ તથા મગજનો રક્સ્રાવ
૫. વાઈ

૬. ડાયાબિટીસ તથા શુગરનું ધ્યાન રાખવું.




પ્રમાણ ઘટવાથી

**સગર્ભાવસ્થામાં સંભાળ**

સગર્ભાવસ્થાનાં લક્ષણો
માસિક બંધ થઈ જવું
ઊબકા–ઊલ્ટી
વારંવાર પેશાબ થવો
સ્તનમાં ભરાવો થવો
થાક લાગવો

**નિદાન**

(૧) સ્ત્રીના પેશાબની તપાસ
(૨) સોનોગ્રાફી

**તકલીફો** (૧) **મોર્નિંગ સિકનેસ :** શરૂઆતના ત્રણ મહિના ઊબકા–ઊલટી થાય, પછી કુદરતી રીતે જ મટી જાય. સવારે ઊઠીને તરત જ નાસ્તો કરી લેવો. રાત્રે સૂતી વખતે દૂધ પીવું. દિવસે વધારે પ્રવાહી લેવું.

(૨) **કબજિયાત :** લીલાં શાકભાજી, ફળ અને પ્રવાહી વધારે લેવાં. નિયમિત કસરત કરવી.(૩) **વારંવાર પેશાબ થવો :** સામાન્ય છે, પરંતુ પેશાબમાં બળતરા થતી હોય તો ચેપ માટે તપાસ કરાવી લેવી.(૪) **કમરનો દુખાવો:** ચાલતાં, વાંકા વળતા કે વજન ઊંચકતાં વધુ જોર ન પડે તે

**(૫) પેટમાં બળતરા :** થોડો ખોરાક વધુ વાર લેવો.

**(૬) પગનો દુખાવો (ક્રેમ્પ્સ):** પગના પંજાને ઉપર તરફ લઈ જવાની કસરત કરવી.

**(૭) પગની નસો ફૂલવી (વેરિકોઝ વેઈન્સ):** લાંબા સમય ઊભાં ન રહેવું. જરૂર પડે સ્ટોકિંગ્સ કે ઈલાસ્ટિક પાટાનો ઉપયોગ કરવો.

**(૮) પગના સોજા :** મીઠું ઓછું ખાવું. પેશાબ અને બ્લડપ્રેશરની તપાસ કરાવવી.

**(૯) માટી ખાવી :** ચોક્કસ કારણ જણાયું નથી. લોહીની ઊણપના કારણે થાય છે તેમ માની તેની ગોળી આપવાથી ફાયદો થાય છે.

**ગંભીર તકલીફો**

(૧) Eclampsia: ૧૦૦માંથી દર એક સ્ત્રીને બ્લડપ્રેશર વધવાના લીધે ચક્કરથી માંડી જીવલેણ ખેંચ આવે છે. આ ઉપરાંત સોજા અને પેશાબમાં પ્રોટીન જાય છે.

(૨) ડાયાબિટીસ : સગર્ભાવસ્થામાં નિદાન થયેલ ડાયાબિટીસની સારવાર પરેજી તથા ઈન્સ્યુલિનનાં ઈન્જેક્શનથી જ થાય છે.

## વહીવટનો એકડો - કાગળકામ

### શિશુવંદના

**ગિજુભાઈ ભરાડ**

બાળમંદિર અને પ્રાથમિકશાળાઓમાં કાગળકામ એક સુંદર વિષય છે. મોટાભાગે હવે એ નામશેષ થવા આવ્યો છે. રંગીન કાગળના ટુકડાઓને નિયમ–અનિયત–કલાત્મક–ભૌમિતીક આકારોમાં કાપવા અને પછી એને ઈતરરંગના કાગળ પર ચોંટાડવા એ એની પ્રવૃતિ હોય છે, પણ હેતુ આનાથીય ઉમદા હોય છે. જે કાગળના માધ્યમ દ્વારા એણે જ્ઞાનપ્રાપ્તિની વિરાટ યાત્રા કરવાની છે એ કાગળ સાથે દોસ્તી બાંધવાની આ પ્રવૃતિ છે. બાળકની આંખ આકાર દર્શન અને આકાર નિર્માણ માટે પ્રવૃત થાય છે અને હાથ એનું માધ્યમ બને છે. કાગળના સાવ નાના ટુકડાનું પણ મૂલ્ય એ સમજે છે, કલા અને સૌંદર્યનો એનો હદયમાં આવિષ્કાર થાય છે. લગભગ નહીંવત ખર્ચથી એ આ પ્રવૃતિ કરી શકે છે. જે બાળકોએ બાલ મંદિર અને પહેલા–બીજા ધોરણમાં આવું કાગળ કામ કર્યુ હોય તેનામાં આગળ જતાં ‘ડિલિંગ વિથ પેપરવર્ક’માં માસ્ટરી આવે છે. એનુ ફાઈલિંગ, ડિસ્પેચ, રાઈટિંગ લે–આઉટ, મુદ્રણ, બાઈન્ડિંગ વગેરેમાં અનોખી ચમક આવે છે. એના વહીવટીય કાર્યકલાપને દીપાવે છે. કાગળકામ એ વહીવટનો એકડો છે.

## સ્થળ નામ – ૭ ( પ્રફુલ્લ રાવલ )

‘અંગ્રેજી શાસન દરમિયાન વહીવટી કામમાં અંગ્રેજ ભાષાનો ઉપયોગ થતો. કયારેકતળપદાશબ્દોનુંવ્યવહારૂ અંગ્રેજી ભાષામાં રૂપાંતર થતું. વળી ફરી એ શબ્દો ગુજરાતીમાં સાવ નવું રૂપ લઈને અવતરતા. એમાં કોઈ નિયમ નહોતો. ઉચ્ચારની ભિન્નતા રહેતી. પરિણામે અંગ્રેજી ક્રિયાપદ to gather અર્થાત્ ભેગું કરવું કે ભેગા થવું. એનું નામ gathering એટલે સભા, સંમેલન. રાષ્ટ્રીય ચળવળ દરમિયાન ભાવનગરમાં જયાં અંગ્રેજોનો વિરોધ કરવા લોકો ભેગા થતા હતા તે મેદાનને gathering field કહેતા. અંગ્રેજનાવહીવટમાંનોંધાયેલોએ શબ્દ વળી ગુજરાતીમાં પાછો આવ્યો ત્યારે તેનુંરૂપ ને અર્થ સાવ જુદાથતાં ક્યારેકસાવનોખોશબ્દ વપરાતો. gathering fieldનું ગુજરાતીથયું ગધેડિયુંમેદાન. ત્યાં ગધેડાં ચરતાં હતા માટે ગધેડિયું એવુંપણમનાયછે. પછીએસ્થળ એ જ નામથી ઓળખાતું થયું. ને ‘ગધેડિયું’ સ્થળનામ રૂઢ થયું. પ્રજામાં રૂઢ થયેલું નામ જ સ્થિર થાય છે.


કચ્છનું ‘લખપત’ ગામ નામની જનશ્રુતિ એવી છે કે ત્યાં લખપતિ વધુ હતા એટલે ગામનામ લખપત થયું. સંભવત: એ વ્યકિતસૂચક પણ હોય અથવા મૂળ નામ અલગ હોય!

કચ્છનું ‘જખોત્રા’માં જખ એ યક્ષનું અપભ્રંશ છે. યક્ષની ઓતરા (ઓત્રા) ઉત્તરે એવો અર્થ છે. નામ સ્થિરથાય તે પૂર્વેનું નામ કે કથા વિસરાઈ પણ જાય.

‘અંજાર’ ‘શબ્દ’ અરબી છે. એનો અર્થ ‘વણ ઉકેલાયેલી’ કે ‘વહેતી નદી’ થાય છે. અંજાર પાસે સાંગ નદી વહે છે. લેબનાનના એક શહેરનું નામ પણ અંજાર છે. એ આઠમી સદીનું શહેર છે. ‘કચ્છ–ભુજ’માં કચ્છ ને ભુજ બે શબ્દો છે. ‘ભુજ’ એ ‘ભુજંગ’નું ટૂંકું રૂપ છે. ભુજંગનો અર્થ સુવિદિત છે. ગામનામને ‘ભુજિયો ડુંગર’ ભુજંગ નાગદેવતા પરથી પડયું છે. ભુજંગ વ્યકિતસૂચક નામ પણ હતું. એ જે ડુંગર પર રહેતો તો તે ડુંગર ‘ભુજિયા ડુંગર’ તરીકે ઓળખાયો ને તળેટીનું ગામ ‘ભુજ’ તરીકે ઓળખાયું.

## હસવાની મનાઈ છે.

ડોક્ટર: ભૂતકાળમાં ક્યારેય ન્યુમોનિયાથી તકલીફ થઈ’તી ?
રઘો : હા.
ડોક્ટર : કયારે ?
રઘો : સ્કૂલમાં એનો સ્પેલિંગ પૂછ્યો ત્યારે...








બાલમિત્રો,

એક સુંદર સુવિચાર છે ‘‘સેવા પરમો ધર્મ’’ બાલમિત્રો, ધર્મ નામ સાંભળતાં જ મનમાં આવે કે, હિન્દુ ધર્મ, મુસ્લિમ ધર્મ, ઈસાઈ ધર્મ, ખ્રિસ્તી ધર્મ પણ એ આપણે નામ આપેલ ધર્મ છે. પણ સાચો ધર્મ તો માનવ ધર્મ છે. જે હું અને તમે માનવ માટે કરી રહ્યા છીએ. ધર્મ, સંપ્રદાય, કોઈપણ પાળતાં હોઈએ પણ આપણા સમાજ માટે પરિવાર, કુટુંબ માટે જે ફરજ અદા કરીએ છીએ એ સાચો ધર્મ છે. ધર્મમાં અપેક્ષા ન હોય, સ્વાર્થ, ઈચ્છા ન હોય. માત્ર આપવાનં હોય છે. નિ:સ્વાર્થભાવે.

આપણા વર્ગમાં મિત્રને મદદરૂપ બનીએ. અન્ય સહાધ્યાયીઓને પણ મદદ કરીએ. રસ્તામાં અજાણ્યાને માર્ગ બતાવીએ કોઈ અંધ વ્યકિતને હાથ પકડી રસ્તો બતાવીએ. પડોશી ઉપયોગી થઈએ. કદાચ મંદિરે ન જવાય તો ચાલશે પણ ફરજમાંથી મુકિત કદી નહિ ચાલે. માટે મદદરૂપ થતાં રહો.

## મગરી અને શિયાળ

### બાલ કથાઓ

**ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)**



એક હતી નદી. એમાં એક મગરી રહે. એક વાર ઉનાળામાં નદીનું પાણી સાવ સુકાઈ ગયું. પાણીનું ટીપુંય ન મળે. મગરીનો જીવ જાઉં જાઉં થવા લાગ્યો. મગરી હાલીયે ન શકે ને ચાલીયે ન શકે.નદીથી દૂર એક ખાડો હતો. એમાં થોડુંક પાણી હતું. પણ મગરી જાય શી રીતે ? હાલીયે ન શકે ને ચાલીયે ન શકે. ત્યાંથી એક કણબી જતો હતો. મગરી કહે – એ કણબીભાઈ, કણબીભાઈ ! મને ક્યાંક પાણીમાં લઈ જા ને ! ભગવાન તારૂ ભલું કરશે.કણબી કહે – લઈ જાઉં તો ખરો, પણ પાણીમાં લઈ જાઉં ને તું પકડી લે, તો ?કેમ ? મગરી કહે – છટ્ છટ્, હું તને પકડું ? એમ બને જ કેમ ?પછી કણબી તોએને ઉપાડીને પેલા ખાડા પાસે લઈ ગયો ને પાણીમાં નાખી. પાણીમાં પડતાંની સાથે જ મગરી પાણી પીવા લાગી. કણબી એ જોતો જોતો ઊભો હતો એટલામાં મગરીએ પાછા વળી કણબીનો પગ પકડયો.કણબી કહે – તેં કબૂલ નહોતું કર્યું કે તું મને ખાદી નહિ ? હવે મને કેમ પકડે છે ?મગરી કહે – જો, હું તો કંઈ તને પકડત નહિ પણ ભૂખ એટલી બધી લાગી છે કે ખાધા વિના મરી જઈશ. ઊભી તારી મહેનત નકામી જાય ને ? આઠ દિવસની તો ઉપવાસી છું.મગરી કણબીને પાણીમાં ખેંચવા લાગી. કણબી કહે જરા ઊભી રહે, આપણે કોઈની પાસે ન્યાય કરાવીએ. મગરીએ મનમાં વિચાર્યું. ભલેને જરા ગમ્મત થાય ! એણે તો કણબીનો પગ મજબૂત પકડી રાખ્યો ને બોલી – પૂછ, ગમે એને પૂછ.એક ઘરડી ગાય ત્યાંથી જતી હતી. કણબીએ એને બ વાત કહીને પૂછયું – તું જ કહે ને બહેન ! આ મગરી મને ! ખાય છે. એ તે કાંઈ ઠીક કહેવાય ?ગાય કહે – મગરીબહેન ! ખાઈ જા ઈ કણબાને ! એની જાત જ ખરાબ છે. દૂઝણાં હોઈએ ત્યાં સુધી રાખે, ને પશા થયાં કે કાઢી મૂકે. કેમ કણબા ! આ ઠીક છે ને ? મગરી કણબીન જોરથી ખેંચવા લાગી.કણબી કહે – જરા થોભ, બીજા કોઈને આપણે પૂછીએ. ત્યાં એક લૂલો ઘોડો ચરતો હતો.કણબીએ બધી વાત એને કહી પૂછયું, કહે ભાઈ ! આ સારૂ છે ? ઘોડો કહે – મહેરબાન ! સારૂ નહિ ત્યારે શું ખરાબ ? મારી સામું તો જો ? મારા ધણીએ આટલાં વરસ મારી પાસે ચાકરી કરાવીને હું લંગડો થયો એટલે મને કાઢી મૂકયો ! માણસની જાત જ એવી છે. મગરીબાઈ ! ખુશીથી ખા એને.મગરી તો કણબીનો પગ વધારે ને વધારે જોરથી અથવા લાગી. કણબી કહે જરાક થોભ. હવે એક જ જણને પાછીએ. પછી તું મને ખાજે. ત્યાંથી નીકળ્યું એક શિયાળ. કણબી કહે – શિયાળભાઈ ! જરા આ અમારો એક ન્યાય કરશો ?દૂરથી શિયાળે કહ્યું – શું છે ભાઈ ? કણબીએ સઘળી વાત કરી. શિયાળ એકદમ સમજી ગયું કે મગરીનો વિચાર કણબીને ચટ કરી જવાનો છે. તે બોલ્યું– હેં ! હેં કણબી ! ત્યાં કોરી જગ્યાએ તું પડયો હતો ?મગરી કહે ના રે ના. ત્યાં તો હું પડી’તી.શિયાળ કહે – હં હં, મને બરાબર સમજાયું નહોતું ઠીક, પાછી શું થયું ?કણબીએ વાત આગળ ચલાવી. શિયાળ કહે શું કરૂ, મારી અક્કલ ચાલતી નથી, કાંઈ સમજાતું નથી. ફરીથી બરાબર કહે. પછી શું થયું ? મગરી જરા ચિડાઈને બોલી – જો હું કહું છું, આ જો, હું ત્યાં પડી હતી.શિયાળ જરા માથું ખંજવાળતું વળી બોલ્યું કયાં ? કેવી ખીતે ? મગરી કહેવાના તોરમાં આવી. એણે કણબીનો પગ છોડયો અને કયાં અને કેવી રીતે પોતે પડી હતી તે બતાવવા લાગી. તરત જ શિયાળે કણબીને નિશાની કરી કે ભાગ ! કણબી ભાગ્યોને શિયાળ પણ ભાગ્યું. પછી ભાગતાં ભાગતાં શિયાળ બોલ્યું – મગરીબાઈ ! હવે સમજાયું તું કેવી રીતે પડી હતી તે કહે જોઈએ, પછી શું થયું ?મગરી તરફડતી પડી રહી ને શિયાળ ઉપર ખૂબ દાંત પીસવા લાગી. તે મનમાં બોલી... આ શિયાળની દોંગાઈને કોઈક વાર હું જોઈ લઈશ. મને એણે ફસાવી. થોડા દિવસ ગયા પછી વરસાદ આવ્યો. નદીમાં ખૂબ પૂર આવ્યું. મગરી જઈને નદીમાં રહેવા લાગી. એક દિવસ શિયાળ નદીમાં પાણી પીવા આવતું હતું. મગરીએ એને દૂરથી જોયું. મગરી કિનારા ઉપર જઈને ગારામાં બરાબર લપાઈને બેઠી, ન હલે કે ચલે. ને માત્ર બે આંખો ઉઘાડી રાખી હતી. શિયાળે એના ડોળા ભાળ્યા.ત્યાંથી જરા દૂર જઈને એ ઊભું રહ્યું ને હસીને બોલ્યું – નદીનાળાના ગારાને આવ્યા બે ડોળા,નદીનાળાના ગારાને આવ્યા બે ડોળા !મગરીએ એક આંખ મીંચી દીધી, શિયાળ આંખો મીંચકાવીને બોલ્યું –નદીનાળાના ગારામાં રહ્યો એક ડોળો,નદીનાળાના ગારામાં રહ્યો એક ડોળો !મગરીએ બંને આંખ મીંચી દીધી. શિયાળ બોલ્યું–ઓહો !નદીનાળાના ગારાના ગયા બેય ડોળા,નદીનાળાના ગારાના ગયા બેય ડોળા !મગરી સમજી ગઈ કે આ તો શિયાળે પોતાને ઓળખી. તે કહે... આગળ કોઈ વાર વાત. ઘણા દિવસ થયા. શિયાળ કયાંય મળે નહિ.એક વાર શિયાળ ખૂબ પાસે નદીમાં પાણી પીતું હતું. સરર કરતી મગરી એની પાસે આવી અને શિયાળનો પગ પકડયો. શિયાળે ધાર્યુ હવે જરૂર માર્યા ! આ તો મગરીના સપાટામાં આવ્યા.પણ તે કાંઈ ગભરાઈ જાય એમ નહોતું. ખડ–ખડ હસીને બોલ્યું – ઓહો મારો પગ પકડ ને ! આ પુલનો થાંભલો શું કામ પકડે છે ? મારો પગ તો આ રહ્યો. મગરીને લાગ્યું કે આ તો ખરેખર આપણે ભૂલ્યા ! એણે તો તરત જ શિયાળનો પગ છોડી દીધોને જોરથી થાંભલો પકડયો.પગ છૂટતાં શિયાળે દોડ દીધી. દોડતાં દોડતાં શિયાળ બોલ્યું – મગરીબાઈ ! એ મારો પગ નથી, એ તો થાંભલો છે. મારો પગ તો આ રહ્યો !શિયાળે ફરીથી એ નદીએ પાણી પીવાનું છોડી દીધું. મગરીએ ઘણી રાહ જોઈ, રાતદિવસ પહેરો રાખ્યો પણ શિયાળ તો નદી ઉપર આવે જ શાનું? હવે શું કરવું?
નદીકાંઠે એક આંબાવાડિયું હતું. ત્યાં શિયાળ પોતાના ભાઈબંધોને લઈને રોજ કેરી ખાવા આવે. મગરીએ વિચાર કર્યો કે હવે આંબાવાડિયામાં છુપાઉં. એક દિવસ તે સાખના મોટા ઢગલામાં લપાઈને બેઠી. શિયાળને આવતું જોઈને બે ડોળા ઉઘાડા રાખ્યા. હંમેશની જેમ શિયાળ તો મિત્રમંડળ લઈને આવ્યું તરત જ તેની નજરે બે ડોળા પડયા. તેણે બૂમ પાડી કહ્યું ભાઈ ! સંભાળજો. આ મોટો ઢગલો સરકારી છે. એની પાસે કોઈ જશો નહિ. આ બીજા ઢગલામાંથી ખાજો. આ વખતે પણ શિયાળ હાથમાં આવ્યું નહિ. મગરી કહે... હવે તો એની બખોલમાં જ જઈને બેસું ત્યાં હાથ આવશે જ. એક વાર શિયાળને બહાર ગયેલું જોઈ મગરી તેની બખોલમાં જઈને બેઠી. અડધી રાત રખડીને સવાર પડવા આવી એટલે શિયાળ બખોલે આવ્યું ત્યાં એણે મગરીના બે ડોળા ભાળ્યા. તે કહે – વાહ, આજે તો મારે ઘેર બે દીવા !મગરીએ એક ડોળો મીંચી દીધો. શિયાળ કહે અરે, આ એક દીવો ઓલવાઈ ગયો ! મગરીએ બેય ડોળા મીચીં દીધા.
શિયાળ કહે અરે, આ તો બેય દીવા ઓલવાઈ ગયા. હવે અંધારામાં કોણ જાય ! ચાલ બીજી બખોલમાં જાઉં. મગરી તો ઘણી વાર સુધી રાહ જોતી બેઠી, પછી કંટાળીને નદીએ ગઈ શિયાળ કોઈ દિવસ હાથ જ ન આવ્યું.

# કાકા કાલેલકર




**૨૪. આકરી સજા**

એક વાર હું વાંકમાં આવ્યો. બાપુજીના ખોરાકનું શું અને બીજું શું. દરેક તંત્ર હિસાબ પ્રમાણે ચાલે. બજારમાંથી એક શેર કિસમિસ આવી. બાપુજી કહે, ‘‘આ આઠ દિવસ ચાલવી જ જોઈએ! કિસમિસ ગણી કાઢો અને એ સંખ્યાના આઠ સરખા ભાગ કરી રોજની કેટલી આવે છે તે આપણે જોઈ લઈશું.’’ મને ખ્યાલ છે તે પ્રમાણે રોજ વીસ કિસમિસ આપવાની હતી. એ ખોરાક ઓછો પડશે એમ મને લાગ્યું. બાપુજી સાથે આવી બાબતમાં ચર્ચા કરીને લાભ નથી એ હું જાણતો હતો. એટલે મેં રોજ કિસમિસમાંથી મોટી મોટી વીણીને વીસ આપવા માંડી. થોડા દિવસ પછી મોટી કિસમિસ પૂરી થઈ. હવે વધારે આપવા માટે રજા લેવી પડી. મેં કહ્યું કે, ‘‘મોટી મોટી પૂરી થઈ, નાની નાની રહી છે. એથી પોષણ પૂરતું નહીં મળે. એટલે વધારે આપવા દો.’’ નારાજ થશે, કંઈક વઢશે એની અપેક્ષા અને તૈયારી તો હતી જ. પણ મામલો ધાર્યા કરતાં આકરો નીવડયો.‘‘એમ કેમ કર્યું ?’’ એમ ઠપકો આપ્યા પછી એમણે કહ્યું કે ‘‘હવે મારે મારૂ આ કામ તમારી પાસેથી પાછું લેવું પડશે.’’જેલ કાંઈ આશ્રમ નહોતી કે એકને ઠેકાણે બીજો માણસ એ કામ દોડીને લઈ શકે. હું ન કરૂ એટલે બાપુજી જ જાતે બધું કરે અને મારે એ બધું જોયા કરવાનું. હું હળવા મનનો નથી. પણ તે વખતે રહેવાયું નહીં એટલે રડી પડયો. બાપુજી નરમ થયા અને એમનું કામ મારા હાથમાં રહ્યું. પણ બાકીના દિવસો ઝીણી ઝીણી પણ વીસ જ કિસમિસ મારે એમને તૈયાર કરીને આપવી પડી !

**૨૫. પાપીનો પણ પ્રતિનિધિ**

ગાંધીજીનું સત્યાગ્રહનું એક વ્યાકરણ હતું. આ વ્યાકરણનો નિયમ ન પાળતાં જે સત્યાગ્રહ કરવામાં આવે છે તે દુરાગ્રહ બને છે, જબરદસ્તીનો એક પ્રકાર બને છે. છેલ્લાં વીસ વરસોમાં (૯૫૦ પછીનાં) કોઈએ પણ શુદ્ધ સત્યાગ્રહના દાખલા લોકો આગળ મૂકયા નથી. પરિણામે સત્યાગ્રહની જગ્યા હત્યાગ્રહે લીધી છે. હત્યાગ્રહ કાં તો કાયદેસર સરકારને ખાઈ જશે, અથવા સર્વત્ર ગુંડાનું રાજય શરૂ કરશે.

જયારે ચેરીચેરા હત્યાકાંડ થયો, ત્યારે ગાંધીજીએ એને રાષ્ટ્રીય પાપ માન્યું અને પોતે પ્રાયશ્ચિત્તરૂપે અપવાસ કર્યા. ત્યારે કેટલાક લોકો ગાંધીજી પાસે જઈ કહેવા લાગ્યા કે, ‘‘આપ અહિંસાના પૂજારી છો એ આખી દુનિયા જાણે છે. ત્યાં જે લોકોએ હિંસા કરી, તેમની સાથે આપનો દૂરનો પણ સંબંધ જોડવાની હિંમત કોઈ કરવાનું નથી. પછી આપ એ પાપ માટે પોતાને જવાબદાર શા માટે માનો છો ?’’ગાંધીજીએ જવાબ આપ્યો : ‘‘હું પોતાને મનથી ભારતનો પ્રતિનિધિ માનું છું. આખાય ભારતનો હું સેવક પ્રતિનિધિ છું. ભારતના પુણ્યવાન તેમ જ પાપી, બધાનો હું પ્રતિનિધિ છું. આ દેશની કોઈ પણ વ્યકિએ આ રીતે હિંસા કરી, તો તેની જવાબદારી મારે માથે આવી પડે છે. સમગ્ર ભારત વતી હું પશ્ચાત્તાપ ન કરૂ, તો મારૂ પ્રતિનિધિત્વ લજવાશે.’’

તેથી જ રાષ્ટ્ર એમને રાષ્ટ્રપિતા કહ્યા.

# કાગડાની લુચ્ચાઈ

કાનનવનમાં એક લુચ્ચો કાગડો રહેતો હતો. તે કોઈ કામ ધંધો કરતો ન હતો. તેને બેઠા-બેઠા જ ખાવું હતું. આખી જિંદગી કેમ આરામથી નીકળે એ જ તે વિચારતો રહેતો.

આ લુચ્ચા કાગડાની બાજુમાં એક કોયલ રહેતી હતી. તેના ઘરે એક વખત નંદનવનની કાબર આવી. કોયલ અને કાબર બંને બહેનપણી હતી.

કાબરે નંદનવનનાં એવાં વખાણ કર્યાં કે કાગડો તો સાંભળતો જ રહી ગયો.

કાબરે કહ્યું કે, ''અમારા નંદનવનમાં અમે બધાં પક્ષીઓ સંપીને રહીએ છીએ. મોર, ચકલી, કાબર, કોયલ વગેરે પક્ષીઓ એકસાથે જ રહે છે. એકબીજાને ખૂબ મદદ કરે છે. બધાં બહુ ભોળાં છે. મહેમાનનું તો એવું સ્વાગત કરે કે મહેમાનને ત્યાંથી જવાનું મન જ ન થાય.''

કાબરની વાત સાંભળીને કાગડો બે-ત્રણ દિવસ વિચારતો રહ્યો. અહીં તો મારો કોઈ ભાવ જ નથી પૂછતું. નંદનવન દરેક મહેમાનનું આવું સ્વાગત કરતું હોય તો મારે જવું જ પડશે!

નંદનવનનાં પક્ષી રોકે તેટલા દિવસ રોકાવું છે. મારે પાછા ફરવાની ક્યાં ઉતાવળ છે? જો તે આખી જિંદગી ખવડાવે તો મારો બેડો પાર થઈ જાય!

મારે પહેલા નંદનવનનાં પક્ષીઓની સહાનુભૂતિ મેળવવી પડશે, તો વાત બનશે. મારે તેમના ભોળપણનો ફાયદો કઈ રીતે ઉઠાવવો એ એક સવાલ છે.

થોડા સમયમાં જ તેને એક યુકિ મળી ગઈ.

નંદનવન નજીક આવતાં જ તે રડવા લાગ્યો. પક્ષીઓ આવતાં ગયાં તેમ તે વધુ ને વધુ જોરથી રડવા લાગ્યો.

બધાં પક્ષીઓ ભેગાં થઈને તેને આસન આપવા લાગ્યાં.

મોરે કહ્યું કે, ''તું પહેલાં રડવાનું બંધ કર. શાંત થા. જે કાંઈ મુશ્કેલી હોય તે જણાવ. અમે તારી સમસ્યાનું સમાધાન કરવાની કોશિશ કરીશું.''

કાગડો માંડ માંડશાંત થયો. કોયલે તેને પાણી આપ્યું.

મોરે ફરીથી તેને આસન આપ્યું અને તેના રડવાનું કારણ પૂછયું.

કાગડાએ પાછા રડતાં-રડતાં કહ્યું, ''હું કાનનવનમાંથી આવું છું. મારો માળો કોઈ કારણસર પડી ગયો છે. મારાં મમ્મી-પપ્પા પણ હમણાં મૃત્યુ પામ્યાં છે. ઘણા દિવસ થયા મેં ખાધું પણ નથી. તમે બહુ ભલાં છો એવું મેં જાણ્યું છે, આથી તમારા આશરે આવ્યો છું. થોડા દિવસ તમે મને અહીં આશરો આપો. મારી અશકિત દૂર થઈ જાય ત્યાં સુધી મને ખાવાનું આપો, તો હું તમારો ઉપકાર જિંદગીભર ભૂલીશ નહિ.''

કાગડાની વાતમાં બધાં પક્ષીઓ આવી ગયાં. બધાંને તેના પ્રત્યે હમદર્દી થઈ.



બધાં પક્ષીઓએ નક્કી કર્યું કે, ''કાગડો આપણો મહેમાન છે. થોડાક થોડાક દિવસ આપણે બધા, આપણા ઘરમાં રાખીશું અને જમવાનું પણ દઈશું.''

સૌ પ્રથમ મોર કાગડાને પોતાના ઘરે લઈ ગયો. કાગડાને તો મજા પડી ગઈ. તે આખો દિવસ આરામ કરતો. મોર તેને ત્રણેય ટાઈમ જમવાનું પૂરૂ પાડતો. મોર આવે ત્યારે તે ખોટું ખોટું રડતો અને અશકિતની ફરિયાદ કરતો.

મોર તેને આસન આપતો અને કહેતો કે, ''હમણાં તને સારૂ થઈ જશે.''

આ રીતે કાગડો દરેક પક્ષીઓના ઘરે રોકાયો અને અશકિતની ખોટી ફરિયાદ કરતો રહ્યો.

દરેક પક્ષીઓએ ચોમાસા માટે ઘણા બધા અનાજના દાણા ભેગા કરીને કોઠારમાં રાખ્યા હતા. બધાં પક્ષીઓ ચણવા જતાં રહે પછી કાગડો આરામથી કોઠારમાં રહેલા દાણા ખાતો. પક્ષીઓને તો તેની ગંધસુધ્ધાં ન આવી.

એક વખત રાત્રે બધાં પક્ષીઓ ભેગાં મળ્યાં. અલકમલકની વાતો કરતાં હતાં. તેવામાં કાગડાની વાત નીકળી.

મોરે કહ્યું કે, ''આપણે અતિથિ સત્કાર કરીએ છીએ તે યોગ્ય જ છે. પણ આપણો કોઈ ગેરલાભ લે તે યોગ્ય ન કહેવાય. મને કાગડા ઉપર શંકા છે. તે આપણો ખોટો ઉપયોગ કરી રહ્યો છે. આપણા ભોળપણનો તે ખોટો ફાયદો ઉઠાવી રહ્યો છે.

''આપણે કાલે સવારે કોઈએ ચણવા જવાનું નથી. પણ કાગડો ન દેખે તેમ ઘરની આસપાસ છુપાઈ જઈશું. સાંજ સુધી તે શું કરે છે તે જોઈશું. પછી આગળનું વિચારીએ.'' મોરની આ વાતમાં બધાં પક્ષીઓ સહમત થયાં.

સવારે બધાં પક્ષીઓ રોજની જેમ ચણવા ઊપડી ગયાં હોય તેવો ડોળ કર્યો. કાગડાને પણ લાગ્યું કે હવે મોકળું મેદાન છે.

નંદનવનના કોઈ ઘરે તાળાં હતાં નહિ. આથી કાગડો દરેક ઘરમાં જતો અને કોઠારમાંથી દાણા ખાતો. આજે પેટ ભરાઈ ગયા પછી બપોરે કાગડો નાચવા લાગ્યો. દરેક પક્ષીઓએ આ જોયું.


બધાં પક્ષીઓ ભેગાં થઈ જતાં કાગડો નાચવાનું ભૂલી ગયો. તેની પોલ ખૂલી ગઈ. તે શિયાવિયા થવા લાગ્યો. બોલવા ગયો પણ તેની જીભ જ ન ખૂલી.

મોરે કહ્યું કે, ''તારી ચોરી પકડાઈ ગઈ છે. અમારા ભોળપણનો તેં ખોટો ઉપયોગ કર્યો. તારા જેવા લુચ્ચાઓને કારણે જ લોકો બીજાને મદદ કરવાનું બંધ કરે છે. અમે જેટલાં ભોળાં છીએ, એટલાં જ ખોટા સામે સખત પણ છીએ.''

કાગડો કાંઈ વિચારે એ પહેલાં તો બધાં પક્ષીઓએ એને એવો મેથી પાક ચખાડયો કે તે બીજી વખત નંદનવન બાજુ જોવાની હિંમત પણ ન કરી શકે!

જાનું અને સોનેરી માછલી (બાળવાર્તા સંગ્રહ) પ્રકાશ કુબાવત

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# જ્ઞાનમંજરી

(૧) હંગેરી નદી કયા દેશમાં આવેલી છે? – ડેન્યુબ
(૨) અમુર નદી કયા દેશમાં આવેલી છે? – રશિયા
(૩) મરી અને ડાર્લિંગ કયા દેશમાં આવેલી છે? – ઓસ્ટ્રેલિયા
(૪) નાયાગરા ધોધ કયા દેશમાં આવેલો છે? – અમેરિકા
(૫) નાયાગરા ધોધની ઊંચાઈ કેટલા મીટર છે? – ૫૪
(૬) પનામા નહેર કયા દેશમાં આવેલ છે? – અમેરિકા
(૭) પનામા નહરેની લંબાઈ કેટલા મીટર છે? – ૮૪,૬૫ કિમી
(૮) ગ્રીનલેન્ડ ટાપુ કયા ખંડમાં આવેલ છે? – ઉત્તર અમેરિકા
(૯) જાવા નામનો ટાપુ કયા ખંડમાં આવેલ છે? – એશિયા
(૧૦) કાસ્પિયન સરોવર કયા ખંડમાં આવેલ છે? – રશિયા

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## જીવનચક્ર

જિંદગીનું ચક્ર – અવિરામ ઘૂમતું જ રહે છે. – જીવનનું ચગડોળ આભ – જમીનનો અહેસાસ કરાવતું રહે છે. કયારેક આનંદનું આકાશ તો કયારેય વિષાદની ભૂમિ, કિલ્લોલ અને ક્રંદન, સંયોગ અને વિયોગ, સેહત અને માંદગી, વ્યથા અને પ્રસન્નતા.


સર્વથા પરિવર્તનીય જીવનમાં આ બધું અસ્થાયી છે, તેમ સમજી લેનારા હંમેશા સમતામાં જીવે છે અને જે સમજી લેનારા હંમેશાં સમતામાં જીવે છે અને જે નથી જાણતા, તે દુઃખી કે સુખી થયા કરે છે. ચગડોળમાં સ્થિર રહેવું અઘરૂં તો છે જ!

# સા...રે...ગ...મ...પ સારેગમપ
# Tuning a Glass

હેતું આપણે ચમચીને વગાડી શકીએ છીએ પણ ગ્લાસમાંથી સંગીત વગાડી શકાય
સાધન સામગી ૮ કાચના ગ્લાસ અથવા બોટલ પન્સિલ પાણીં
શું કરશો આઠ ગ્લાસ અથવા બોટલને ટેબલ ઉપર લાઈનમાં ગાઠવો (પ્લાસ્ટિકની બોટલ કામ નહી આપે) કાચના ગ્લાસને વગાડો જો પહેલા ગ્લાસ જેવો જ થાય તો થોડુંક પાણી ઉમેરી ટોન એક સ્ટેપ

પ્રયોગની પાંખે
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવંત પારેખ

ઉપર વાગે તેટલું ભરો.
શા માટે આપણે જાણીએ છીએ કે ધ્રુજારીનાં કારણે અવાજ ઉત્પન્ન થાય છે. કિનારે ઉપર



વાસણ બધા એક સરખા હોય તેવું જરૂરી નથી પણ તેમાથી સગીત ઉપજે તેવું હોવુ જોઈએ.
દરેક ગ્લાસમાં જુદી જુદી સપાટી સુધી પાણી ભરો.
તમે જોઈ શકો છો કે દરેક ગ્લાસમાં થોડું થોડું પાણી વધતુ જાય છે. ચડતા કમમાં પાણી ભરાતું છે.વહે એક પન્સિલ લો અને દરેક ગ્લાસની કિનારી સાથે ટકરાવો.
શું થશે તમને દરેક ગ્લાસમાંથી અલગ ટોન સંભળાશે પાણી વધારે તેટલો ટોનો નીચો.
સૌથી ઓછું પાણી હોય તે ગ્લાસને પહેલા મૂકો હવે બીજા પન્સિલ અથડાવતા તે ગ્લાસ ધ્રુજે છે. આ ધ્રુજારીની તીવ્રતાના આધાર તેમાં કેટલું પાણી ભર્યુ છે તેના પર છે જેમ પાણી વધારે તેમ ધ્રુજારી ઓછી અને ટોન પણ ઉડો.
હવે શું હવે જુદી જુદી સાઈજનાં ગ્લાસ લો. જેટલી વિવિધતા વધારે તેમ વધારે સારું દરેક ગ્લાસમાં એક સરખું પાણી ભરો અને પછી દરેકને વગાડો.
પહેલાની જેમ પાણી વધારીને અથવા ઘટાડીને દરેકને ટોન સ્ટેપ પ્રમાણે ગોઠવો. શું થયું વાત શિક્ષક વાલી સાથે ચાર્ચા કરો.

# કયાં સુધી ? (નસીમ મહુવાકર)

વાસણ બહાર ચોકડીમાં મુકી એ ઉબરામાંબેસીગઈ.વોશિંગમશીનમાં કપડાંનાખવાનાંબાકીઝાપટ-ઝુંપટ પતાવવાનારસોઈ કરવાની, ઓફિસ જતાં પહેલાનાનાદિકરાપારિતોષની સ્કુલ જવાનું ઓફિસથી પરત થતાં ઘરનીકેબાળકોનીનાનીમોટીખરીદી સાંજથની રસોઈ ને બાકી કામ આપોટપવાનાં ને ફરી સવાર માજ્ઞે તૈયારી ઓફિસમાંથી મળતાં રજાનાં એક રવિવારને જવાબદારીઓ કયાં ગળી જાય એ ખબર ન પડી એક કામ પતે નહિ ત્યાં નવા ચાર ઊંચા હોય.

ચોકડીનો નળ જરા જરા ટપકતોહતો.વાસણમાંપડતાંએકએક ટીપાંન એ જોઈ રહી. આમને આમ સતર વરસ નીકળી ગયા. ભણવાનું પત્યું કે નોકરી, લગ્ન, બાળકો અને એનીએઘરેડ,વર્ષેબેવર્ષેપંદરેકદિવસ કરતાફરવાજવાનુંત્યારેએવુંલાગતુંકે થોડુંજીવાયછે.વળીહતાંએમનાએમ. શરીરનીસાથેમનમાંપણકળતરથતું. આજજિંદગીકાયમઊભાપગેપોતીકો સમય જ નહી.આભા અંદરથી સાસુમાનો સાદ પડયો. બોલો બા આ મેથીની બાજી વિણાઈ ગઈ, વટાણા ને લસણ આપી દો. મારે વળી નિરાંત સિવાય બીજુંછેય શું આ ગોઠણ ગયા ત્યારથી પથારી તો પકડી. તમે ચારેય તમારીહડિયાપટ્ટીમાંહોવ.મારેવખત કેમકાઠવોઆવાનાનામોટાંકામહોય તોમારોદિવસનીકળે.એણેઊભાથઈ ટપકતો નળ બંધ કર્યો. રસોડામાં પ્રવેશઈ, વટાણા અને લસણ લઈ એ. અંદરના રૂમમાં ગઈ. લ્યો બા આ તમારા વટાણા અને લસણ ને સાંભળ ેસાંજેહુંઆવુંત્યારેતૈયાર રહેજો.કુંદન માસીનેત્યાંજઈઆવીએ.મારેહીનાનું કામ છે. ને તમારે માસી સાથે સત્સંગ થઈ જશે.

સાંજે તું થાકી છે ને તમારે માસી સાથે સત્સંગ થઈ જશે. કાલે રવિવાર છે. તે ચિંતા નથી. કહેતી એ ઝડપતી રસોડામાંપ્રવેશી ને થોડી વારમાં ઘરમાં વગારની મધમધતી સોડમ ફેલાઈ રહી.

## સુવિચાર

૧. સેવા અને સાધનાનો સમન્વય એટલે શુધ્ધ ચારિત્ર્યનું નિમાર્ણ, ૨. માનવ સેવા એ જ પ્રભુ સેવા છે.

# કાચના ગોળાની કરામત ભાગ - ૫

મેં સ્વીચ ઓન કરી તે સાથે જ પારદર્શક પેલે છેડેથી સમુદ્રજળ અંદર ધસતું દેખાયું. બબ્બે પગથિયાં કૂદતો હું પેસેજમાં પહોંચ્યો અને ત્યાંથી દોડી ઉઘાડી રાખેલી પ્રવેશબારી આગળ આવ્યો. એક પ્રચંડ ફુવારાની માફક તેમાંથી ફૂલસ્પીડ ઉપર મૂકેલ કાંટાને લીધે જોશભેર ધસમસતાં વહેણનો સામનો કરવામાં મને ખાસ્સી મુશ્કેલી પડી પણ આખરે હું ગોળાની અંદર ઉતારવામાં સફળ થયો.

હવે મારે એક ખૂણામાં ઊભા રહી કાચના ગોળાની કરામત જોવાનું બાકી રહ્યું. જોતજોતાંમાં જયારે પેસેજ ચિક્કાર ભરાઈ ચૂકયો ત્યારે કેબિનની નીચેની તડોમાંથી પાણી અંદર જતું લાગ્યું અને અંદર પલંગમાં પોઢેલ પાપીઓને આની ક્યારે ખબર પડી હશે તે કહી ના શકાય. પરંતુ ટૂંક સમયમાં કેબિનો ઉપરાંત એન્જિનરૂમ અને ભડંકિયામાં પ્રવેશી ગયેલ જળસમૂહે પોતાનો પરચો દેખાડવાનું શરૂ કર્યુ.

એકાએક એન્જિન બંધ થયું હોય તેમ જણાયું કારણ સબમરીન આગળ વધવાનું છોડી ગુરૂત્વાકર્ષણના નિયમ અનુસાર નીચે ઉતારવાનું શરૂ કર્યુ. અને થોડી વારે સબમરીનની લાઈટો બંધ થઈ અને તે સાથે બાકોરામાંથી આવતો જળ પ્રવાહ પણ અટકી ગયેલો જણાયો.

અંધકારમાં હાથ વડે ફંફોસતાં મેં બાકોરૂ શોધી કાઢયું અને તેમાંથી બહાર નીકળીને જોયું તો સબમરીન બહારથી દેખી

સુજલની સાહસકથા
નલિન મહેતા
પ્રકાશક : ભદ્રા મહેતા

શકાતી નથી. કાણા ઘડાની જેમ નીચે સરકતી સબમરીન તળિયે પહોંચી પેલા નરાધમોનું કબ્રસ્તાન બની ઊભી રહે તે જોવાની મને ખાસ ઈચ્છા પણ ન થઈ.

મારી દશે દિશાઓમાં સમુદ્ર હતો. ધીરેધીરે ઉપર ચડતાં હું જળસપાટી પર પહોંચ્યો ત્યારે સૂર્યોદય થઈ ચૂકેલો. થોડે દૂર તરતો એક નિર્જન બેટ નજરે પડયો. ત્યાં જઈ મેં વિશ્રામ કર્યો. છેલ્લા ચોવીસ કલાકની દોડધામ અને ઊજાગરાને પરિણામે મને ઊંઘ પણ તુરંત આવી ગઈ. બપોરે પડેલ વરસાદના ઝાપટાને પરિણામે હું જાગ્યો. અને થોડી વાર પછી ત્યાંથી પ્રયાણ આદર્યુ.

અને માર્ગમાં તમે મળ્યા. ત્યારબાદ આપણે અહીં સુધી કેવી રીતે પહોંચ્યા એ તમે જાણો છો. બસ પછી તો આપણે આ ટાપુ ઉપર ખાધું, પીધું અને-ભલેને માત્ર એક રાત પૂરતું – રાજ કર્યુ.

**સમાલોચના**

સુજલની વાત તો પૂરી થઈ. પણ મારૂ એટલે કે લેખકનું કથાનક હજુ અધૂરૂ છે. વાચકોને યાદ હશે કે માયાબંદરથી હોડીમાં સહેલગાહ કરવા નીકળ્યા બાદ ઝંઝાવાતમાં ફસાઈ હું સુજલની સહાયથી આ નિર્જન ટાપુ સુધી પહોંચેલો. પરંતુ તેનું વિસ્મયજનક દાસ્તાન સાંભળતા મારે હજી માયાબંદર પાછા જવાનું છે તે બાદ સાવ ભૂલી જ ગયેલો.


આનો ખ્યાલ મને સુજલે વહેલી સવારે જ કરાવ્યો અને પ્હો ફાટતાંની સાથે અમે આ રમણીય સ્થળને આખરી સલામ કરી હોડીહંકારી મૂકી. દરિયો આમ તો ડાહ્યોડમરો દિસતો હતો, પણ હવે હું ભોળવાઈ જાઉં તેમ નહોતો. છતાં સુજલનો સંગાથ હોવાથી મને ખાસ ચિંતા નહોતી.

માર્ગમાં અમે અડધો ડઝન જેટલા ટાપુઓ પાસેથી પસાર થયા. તેમાંના બે તો આમનેસામને આવેલા. કદાચ ગઈ કાલ રાત્રે હું અહીંથી નીકળ્યો પણ હોઉં, પણ ત્યારે તેઓ અંધારામાં છુપાઈ ગયેલા. અને અત્યારે જયારે મારે તેમની જરૂરત નહોતી ત્યારે સામે ચાલીને દેખા દેતા હતા.

માનતા મેઘરાજા પણ કોઈ કોઈ વાર ગર્જના કરીને સંતોષ અને ધરાર વરસતા નહિ, કુદરતની આ અવળચંડાઈ મને બિલકુલ પસંદ ના પડી!

# જેલીફિશ


જેલીફિશ એક સરળ સંરચના ધરાવતું દરિયાઈ પ્રાણી છે. તેનાં શરીરમાં હૃદય, મગજ કે લોહી હોતું નથી. તે પાણી દ્વારા તેના શરીરમાં ઓકિસજન અને પોષક તત્વોનું પરિવહન છે. પારદર્શક શરીર જેલ જેવું હોવાને કારણે એનું નામ જેલીફિશ પડયું છે, જેમાં મોટાભાગે પાણી હોય છે. તે તેના સ્નાયુઓના સંકોચન દ્વારા પાણીને બહાર ધકેલીને આગળ વધે છે અને આ પ્રક્રિયા દરમિયાન ાસ પણ લે છે.



# પૂ. રવિશંકર મહારાજ : તપશ્ચર્યાનું સુખ

એક ગામમાં બપોરનો મુકામ હતો. દાદાને સ્નાન કરવું હતું. ગામના આગેવાનને મેં કહ્યું, ''દાદાને સ્નાન કરવા માટે જરા ગરમ પાણી મળે તો સારૂ.'' આગેવાન જરા તુંડમિજાજી હતા. એમણે કહ્યું, ''અહીં ગરમ પાણી કયાંથી લાવીએ? ઠંડા પાણીએ સ્નાન નથી થતું? તમારા જેવા સેવકોને વળી આવા ચાળા શા? અમે તો નદીએ નાહીએ છીએ, તમેય જાઓ, નદીએ જઈને નાહી આવો.''

દાદાએ અંદરના ખંડમાંથી અમારો આ વાર્તાલાપ સાંભળ્યો. મને બોલાવીને કહ્યું, ''ચાલ, કપડાં લઈ લે, નદીએ સ્નાન કરી આવીએ.'' અમે નદીએ ગયા. દાદાએ ઠંડા પાણીએ સ્નાન કર્યુ.





નદીથી પાછા ફરતી વખતે દાદાએ કહ્યું, ''લોકો પાસેતી ઓછામાં ઓછું લઈશું અને વધુમાં વધુ આપીશું ત્યારે આપણું તપ તેજસ્વી બનશે.''

અને પેલા વાર્તાલાપ વિશે એક શબ્દ પણ ન કહ્યો. પદયાત્રા કરતા કરતા કાર્યક્રમ મુજબના ગામે પહોંચ્યા હોઈએ અને લાગે કે ગામ લોકો આગતા-સ્વાગતા માટે તૈયાર (ઈચ્છુક) નથી તો દાદા કહે, ''આગળ ચાલો, આપણે કોઈને તકલીફમાં મૂકવા નથી.''

# આ મારું ચિત્ર છે




ખુમાણ સ્નેહ પ્રહલાલભાઈ
(ધોરણ-૭, રૂપાયતન સ્કુલ-અમરેલ)



કુણાલ તુલશી જનકભાઈ
(ધોરણ-૮, પાણીયા પ્રા.શાળા)



મકવાણા રોમિલ
( ધોરણ-૮ રૂપાયતન સ્કુલ -અમરેલી)



ચાવડા પ્રતિક્ષા
( ધોરણ-૮, રૂપાયતન સ્કુલ – અમરેલી)

# લીલીયા મોટા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને ૭૬મો વન મહોત્સવ ઉજવાયો









લીલીયા મોટા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને અમરેલી સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ૭૬માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી લીલીયા મોટાની સરકારી વિનિયન અને વાણિજય કોલેજ ખાતે ૭૬માં વન મહોત્સવની ઉજવણીમાં સહભાગી બનતા લીલીયા/સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે માનવીય જીવન માટે વૃક્ષનું ખૂબ જ મહત્વ રહેલું છે સાથે સાથે લીલીયા તાલુકામાં ગ્રીન કવર વધારવા તેમજ સલામત ભવિષ્ય માટે અચૂક વૃક્ષોના વાવેતર માટે ધારાસભ્ય દ્વારા ખાસ અપીલ પણ કરવામાં આવેલ ગુજરાતને હરિયાળુ બનાવવા માટે નવીન આયામો સરકારે શરૂ કર્યા છે તે જ શૃંખલામાં રાજયમાં સાંસ્કૃતિક વનો પણ ઉભા કરવામાં આવી રહ્યા છે સાથે સાથે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સરકારી વિનિયમ અને વાણિજય કોલેજના બિલ્ડીંગનું નિરીક્ષણ કોલેજના પ્રિન્સિપાલ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડ સાથે કર્યુ સુંદર કોલેજના નિર્માણથી અને સરકાર દ્વારા શિક્ષણ પાછળ અપાતી સુવિધાઓથી ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ગદગદિત થઈ ગયેલ ત્યારબાદ કાર્યક્રમના અંતે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ અભિયાન એક પેડ મા કે નામ ૨.૦ના ભાગરૂપે વનવિભાગના અધિકારીઓ/કર્મચારીઓ સાથે મળી કોલેજના પટાંગણમાં ધારાસભ્ય દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ સાથે સાથે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદહસ્તે વૃક્ષ રથને લીલી ઝંડી આપી રોપા વિતરણ માટે પ્રસ્થાન કરાવામાં આવ્યુ આ તકે આરએફઓ અમરેલી જયોતિબેન એસ. ખાખસ દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને લીલીયા તેમજ આસપાસના વિસ્તારના રહીશોને વૃક્ષો માટે છેક અમરેલી ધક્કો થતો હોય ત્યારે લીલીયામાં નર્સરીની સરકાર દ્વારા વ્યવસ્થા કરી આપવામાં આવે તો મિશન ગ્રીન કવરને આગળ ધપાવવામાં ઘણી સફળતા મળે તેમ છે આ તકે મામલતદાર બી.એસ. પટેલ, આરએફઓ લીલીયા બી.જી. ગલાણી, તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, જીગ્નેશ ઝિંઝુવાડીયા, ભનુભાઈ ડાભી, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, કેતનભાઈ ઢાકેચા, આનંદ ધાનાણી, મનુભાઈ ડાવરા, કેપ્ટન ધામત, ભાસ્કરભાઈ પટેલ, વિજય ગજેરા, ભરતભાઈ ઠુંમર, હરિભાઈ રાઠોડ, હિતેશ પરમાર, પ્રવીણભાઈ ચોપડા, જીતેન્દ્ર ડાભી સહિત વન વિભાગના કર્મચારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહેલ કાર્યક્રમનું સુંદર સંચાલન ડો.ભરત ખેની દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ક્રાંકચમાં ટી.એચ.આર. અને મીલેટસની વાનગીની સ્પર્ધા યોજાઈ



લીલીયા, તા. ૧૨

લીલીયા ઘટકના ક્રાંકચ સેજામાં THR અને મિલેટસની વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધાનું આયોજન ક્રાંકચ P.H.C સેન્ટરમાં કરવામાં આવેલ .જેમાં ક્રાકચ ગામના સરપંચના પ્રતિનિધિ મગનભાઈ દુધાત ,સામાજિક ન્યાય સમિતિના ચેરમેન હેલૈયા શ્વેતાબેન, ક્રાકચ P.H.C ના મેડિકલ ઓફિસર જયભાઈ વાઘેલા, મુખ્ય સેવિકા એચ. એન. રેણુકા, પી.ડી. રાઠોડ ,તલાટીમંત્રી તેમજ આરોગ્ય વિભાગનો સ્ટાફ હાજર રહેલ. આ વાનગી સ્પર્ધામાં આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા મિલેટસ અને THRની અનેક વિધ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓ બનાવવામાં આવેલ .આ વાનગી સ્પર્ધા દ્વારા લોકોમાં મિલેટસ અને THR પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરામાં જાહેર માર્ગો ઉપરનું દબાણ**

કરવાની સૂચના આપતા મામલો થાળે પડયો હતો તેમજ પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા જણાવ્યું હતું કે નગરપાલિકાની હદમાં જાહેર રસ્તાઓ બ્લોક કરવા કે બંધ કરવાની સત્તા કોઈ રહીશ પાસે નથી આ પ્રકારની ફરિયાદ પાલિક કચેરીમાં આવશે તો આગળ ફોજદારી રાહે કાર્યવાહી કરવાની ફરજ પડશે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૦ | ૯૭૦ |
| ૨ | શિંગ મોટી | ૬૭૫ | ૧૧૧૫ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૧૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૩૦ | ૧૦૭૬ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૪૫૦ |
| ૬ | તલ કાળા | ૨૩૦૦ | ૪૪૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૭૯૦ | ૨૪૪૦ |
| ૮ | બાજરો | ૨૮૪ | ૬૦૦ |
| ૯ | જુવાર | ૩૦૦ | ૬૯૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૭૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૫૪ |
| ૧૨ | મકાઈ | ૨૩૧ | ૫૫૧ |
| ૧૩ | મગ | ૧૦૧૦ | ૧૫૫૫ |
| ૧૪ | અડદ | ૧૦૧૦ | ૧૪૧૫ |
| ૧૫ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૭ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૨૦ | ૧૧૧૬ |
| ૧૭ | તુવેર | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૮ | કપાસ | ૭૩૦ | ૧૬૦૬ |
| ૧૯ | એરંડા | ૧૨૬૦ | ૧૨૬૮ |
| ૨૦ | જીરૂ | ૩૦૦૦ | ૩૫૪૫ |
| ૨૧ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૨ | અજમા | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૨૩ | મેથી | ૮૫૫ | ૮૭૦ |
| ૨૪ | સોયાબીન | ૭૯૦ | ૮૩૫ |
| ૨૫ | રજકાનુ બી | ૪૦૦૦ | ૫૫૦૦ |

૨૬

## ખેતીવાડી વિભાગ દ્વારા ચાવંડ ખાતે ખેતી તેમજ ટ્રેકટર ઘટકનો વેરિફિકેશન કેમ્પ યોજાયો

### મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા




દામનગર, તા. ૧૨

લાઠી ખેતી અધિકારી વિકાસભાઈ ડામોર અમલીકરણ અધિકારી દિલીપભાઈ નીનામા વિતરણ અધિકારી ખેતી વિક્રમભાઈ દેથલીયા, જીતુભાઈ પાનેર, ગ્રામસેવક અમિતભાઈ મકવાણા, રમેશભાઈ સોલંકી, અશોકભાઈ હુબલ, મયુરભાઈ કુવાડીય, મધુબેન ડાભી દ્વારા અનેક ખેડૂતોના ખેતી વિષયક સાધન ચકાસણી અને સબસીડી કેમ્પ યોજાયો હતો ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત માહિતી તેમજ પ્રાકૃતિક ખેતીની માહિતી આપેલ ખેતી વિષયક યાંત્રિક સાધનો ઉપર ૪૦ થી ૫૦ ટકા સબસીડી યુકત થેચર રોટાવેટર સહિત અનેક પ્રકારના કૃષિ વિષયક યાંત્રિક સાધનો સાથે મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૦૪૫ | ૧૩૪૫ |
| ૨ | કપાસ જુનો | ૧૨૮૦ | ૧૪૬૦ |
| ૩ | તલ સફેદ | ૧૪૪૦ | ૧૮૯૦ |
| ૪ | તલ કાળા | ૨૬૮૦ | ૪૧૬૦ |
| ૫ | જીરૂ | ૩૦૩૦ | ૩૫૫૦ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ૭ | અડદ | ૮૩૦ | ૧૧૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૮૦૦ | ૧૦૦૮ |
| ૨ | શીંગ નવી | ૭૦૦ | ૧૦૦૦ |
| ૩ | શીંગ દાણા | ૧૨૫૦ | – |
| ૪ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૫૬ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૪૦૦૦ |
| ૬ | જીરૂ | ૩૨૦૦ | ૩૪૬૦ |
| ૭ | કપાસ | ૧૪૧૧ | ૧૫૭૫ |
| ૮ | કપાસ નવો | ૧૦૩૦ | ૧૪૪૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૬૮ |
| ૧૧ | બાજરો | ૩૫૧ | ૫૬૦ |
| ૧૨ | મકાઈ | ૫૯૧ | – |
| ૧૩ | મગ | ૯૦૦ | ૧૧૭૦ |
| ૧૪ | ચણા | ૮૫૦ | ૧૧૦૯ |
| ૧૫ | એરંડી | ૧૦૫૫ | – |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં ફાયર અધિકારી સામે**

હરીકૃષ્ણદાન ચતુરદાન ગઢવી ધ્વારા ફર્ઝી આપવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ બંને એનઓસી ત્યારે આપવામાં આવેલ છે કે જયારે ઓફલાઈન એનઓસી કાઢવામાં આવતી હતી. આ સમયે એનઓસી માટે અરજી કરનારે રૂા. ૩૦૦નાં સ્ટેમ્પ તથા એનઓસી મેળવવા ચલણ ભરપાઈ કરી અરજી કરવાની હતી અને ત્યારબાદ તે અરજીને ઈનવર્ડ કરવામાં આવતી હતી. આ બંને અરજીમાં ઉપરોકત બાબતની કોઈપણ પ્રકીયા કરવામાં આવેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત બંને બિલ્ડીંગની બાંધકામ કરવા માટેની મંજુરી મળેલ નથી તેવું મને આરટીઆઈમાં નગરપાલિકા ધ્વારા જણાવેલ છે. તો જયારે બિલ્ડીંગનાં બાંધકામની મંજુરી મળેલ ન હોય તેવા બિલ્ડીંગની ફાયર એનઓસી કેવી રીતે આપી શકાય નહીં.

વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત બંને એનઓસી પૈકી એનઓસી નં. AM/FIRE/4-3/2022-23 નંબરની એનઓસી વાળુ બિલ્ડીંગ ૭ માળની ઉંચાઈ ધરાવે છે તો ૧૫ મીટરથી વધુ ઉંચાઈ ધરાવતા બિલ્ડીંગની ફાયર એનઓસી હરીકૃષ્ણદાન ગઢવી આપી શકે નહીં.

વધુમાં જણાવેલ છે કે, એનઓસી નં. AM/FIRE/370/2022-23 નંબરની એનઓસીમાં જે કંપની ધ્વારા કામ કરવામાં આવેલ છે તેનું નામ SAFE & CARE FIRE SOLUTION એમ લખવામાં આવેલ છે પરંતુ, મેં આ કંપનીની જુના માર્કેટયાર્ડ, શિવમ પ્લાઝા કોમ્પ્લેક્ષમાં આવેલ ઓફિસનાં સરનામે પત્ર લખી માહિતી માંગતા તેઓ ધ્વારા જવાબમાં સ્પષ્ટ જણાવેલ કે આ ફાયર એનઓસીનું કામ અમારી કંપની ધ્વારા કરવામાં આવેલ નથી તેમજ ફીટનેસ અંગેનું પ્રમાણપત્ર પણ અમોએ આપેલ નથી. જે અંગેનું સોગંદનામુ કરી મને જવાબ આપેલ છે. જેથી ફાયર અધિકારી ધ્વારા આપવામાં આવેલ આ ફાયર એનઓસી તદન ફર્ઝી છે તેવું સાબિત થાય છે.

વધુમાં જણાવેલ છે કે, અમારી અરજીને ધ્યાને લઈને નગરપાલિકા ચિફ ઓફિસર ધ્વારા ઈન્ચાર્જ ફાયર ઓફિસર પાસે માંગેલ માહિતી તેમજ ફાયર ઈન્ચાર્જ ઓફિસર ધ્વારા આપેલ જવાબ આ સાથે રજુ કરેલ છે. જેના પરથી સાબિત થાય છે કે આ તમામ ઓફિસરો સાથે મળીને ભ્રષ્ટાચાર કરતાં હોય તેવું જણાય આવે છે.

આમ, ઉપરોકત તમામ પાસાથી સંપૂર્ણ તપાસ કરવામાં આવે તો ફાયર ઓફિસર હરીકૃષ્ણદાન ચતુરદાન ગઢવી ધ્વારા લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરી આવી અનેક ફાયર એનઓસી આપી લોકોનાં જીવન સાથે ચેડા કરેલ છે તેમજ જે અરજદારો પાસે ફાયર એનઓસી માટેના પુરતા સંપૂર્ણ કાગળો હોવા છતાં તેઓને ફાયર એનઓસી આપવામાં આવતી નથી. તો આવા ભ્રષ્ટ અધિકારી ઉપર આઈપીસી કલમ ૨૦૧૭, ૨૧૮, ૪૨૦, ૪૬૫ ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) સહિતની કલમો લગાડી ફોજદારી ફરિયાદ કરવા જો મારી કરેલ અરજી ઉપર તાત્કાલિક તપાસ કરવામાં નહી આવે તો હાઈકોર્ટમાં જવાની ફરજ પડશે તેમ અંતમાં જણાવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમરેલી માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ પણ પૂર્વ નગરસેવકનાં આક્ષેપોને સમર્થન કરીને આગામી ૨૧ સપ્ટેમ્બરનાં રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું આગમન અમરેલીમાં થવાનું હોય તેમને રૂબરૂ મળીને રજુઆત કરવાનું જણાવ્યું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૫ | ૧૪૩૬ |
| ૨ | મગફળી | ૫૩૦ | ૬૫૧ |
| ૩ | ઘઉં | ૫૪૦ | ૫૪૭ |
| ૪ | ચણા | ૯૫૩ | ૯૫૩ |
| ૫ | અડદ | ૧૩૧૦ | ૧૩૧૦ |
| ૬ | એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૭ | મગ | ૧૫૨૫ | ૧૫૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૫૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૩૬ |
| ૪ | જીરૂ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૫ | જુવાર | ૩૦૦૦ | ૩૦૦ |
| ૬ | ચણા | ૯૦૦ | ૧૦૨૦ |
| ૭ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ૮ | અડદ | ૧૦૫૦ | ૧૨૧૦ |
| ૯ | મગ | ૮૩૦ | ૧૩૨૦ |

પાના ૮ ઉપરનું ચાલું **દામનગરમાં કારખાનેદારોને**

હીરા ઉદ્યોગ ને દાઝયા ઉપર દામ જેવી કપરી સ્થિતિ માં મુકાયા છે ત્યારે ચીફ એક્યુઝિટિવ સુધી ડાયમંડ એશો ની લેખિત ફરિયાદ ક્ષતિ ગ્રસ્ત સ્માર્ટ વીજ મીટર અંગે હીરા ઉદ્યોગની ફરિયાદ બાદ સ્થાનિક તંત્ર એ દરકાર નહિ લેતા લાખો ના બિલ પુનઃ આકારણી કોણ કરશે ? જેવા અનેક સવાલો સાથે આજે મોટી સંખ્યા માં કારખાને દારો એ સ્માર્ટ વીજ મીટરના અસહ્ય વીજ બિલ ને લઈ ડેપ્યુટી ને મળી રજુઆત કરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **મોટા ઝીંઝુડા ગામે દેવશીભાઈ રબારીનાં**

ખ્યાલ આવે છે કે આ ૨૫ પ૨ ૨૫નો ૮૦ ફૂટ ઊંડો કૂવો છે. અને હાલ પણ આ કૂવામાંથી પાણી ઓવરફલો થઈ રહ્યું છે જાણે ઝરણા સ્વરૂપે કુવામાંથી બહાર આવતું આ પાણી પણ માત્ર દેવશીભાઈ માટે જ નહિ પરંતુ અન્ય આસપાસના લોકો માટે વરદાન રૂપ છે. આ કુવામાં કયારે પણ પાણી ખૂટયું નથી જેથી દેવશીભાઈ કુદરતનો આભાર વ્યક્ત કરી રહ્યા છે. દુષ્કાળના કપરાં સમયમાં પણ આ કૂવામાંથી પાણીનો પ્રવાહ અવિરત ચાલુ હોય છે. અને એટલે આ કૂવો દેવશીભાઈ માટે તો જાણે અમૃત કુંભ સમાન ગણાવીએ તો અતિશયોકિત નહીં ગણાય.

પાના ૧ ઉપરનું ચાલું **૧૪ માર્ગો માટે ૧૨.૯૫ કરોડ મંજૂર**

ભલામણ કરવામાં આવેલ.

જે અન્વયે રાજય સરકાર દ્વારા પ્રતાપપરા બાપાયાસ રોડ, ચિતલ જશવંતગઢ રોડ, કેરિયાનાગસ ગામે ગાંધીપુલથી બિહારી બાપુની જગ્યા સુધી સીસી રોડ, ફતેપુર ચાંપાથાળ રોડ, સરંભડા ગામે સીસી રોડ, અમરાપુર ઢોલરવા કમીગઢ રોડ, દેવગામ સારીગપુર બળેલપિપરિયા રોડ, દેવગામ દડવા રાંદલ રોડ, નવા ખીજડીયા વડલી ચોકથી મોટા ભંડારીયા તરફ રોડ, પીપળલગ ગામ સીસી રોડ, ખીજડીયા રાદડીયા ગામે સીસી રોડ, કેરીયાનાગસ ગામે સીસી રોડ, લાલાવાદર ગામે સીસી રોડ, જુના બાદનપુરથી ગ્રામપંચાયતથી સ્મશાન સુધી સીસી રોડ જેવા કુલ ૧૪ જેટલા ગામોના ગ્રામ્ય માર્ગોના નવીનીકરણનું કામ કુલ રૂપિયા ૧૨ કરોડ ૯૫ લાખના ખર્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

આ કામો મંજૂર થવાથી પ્રજાની સુખાકારીમાં વધારો થનાર હોય, ધારાસભ્ય કૌશિક વેકરિયાએ રાજયના મુખ્યમંત્રીનો આભાર માનેલ છે. આગામી દિવસોમાં આ કામો અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

**લોંકા ગ્રામ પંચાયત કચેરી**
**મુ. લોંકા, તા. લીલીયા મોટા, જી. અમરેલી**

**જાહેરનામુ**

આથી સર્વે સબંધિતોને જાણ થાય કે અત્રેના ગામે ભેંસવડી રોડ પર આવેલ જર્જરીત પાણીના ટાંકાને પાડી તેનો ઈમલો હટાવવાની કામગીરી માટેની જાહેર હરરાજી તા. ૨૫/૦૯/૨૦૨૫ ના રોજ સવારના ૧૧ : ૦૦ કલાકે રાખેલ છે. જે સર્વેને વિદિત થાય.

**શરતો :**
(૧)_ હરરાજીની અફસેટ પ્રાઈઝ રૂા. ૧,૩૦૦/– (અંકે રૂા. એક હજાર ત્રણસો) છે. (૨) જેમની બોલી મંજૂર કરવામાં આવે તે ઈજારાદારે ઈમલો સ્વખર્ચે અને જોખમ પાડવાનો રહેશે. જે દરમિયાન કોઈપણ પ્રકારની દુર્ઘટના કે જાનમાલની નુકસાનીની જવાબદારી ઈજારાદારની રહેશે.
(૩) વિશેષ જાણકારી માટે ગ્રામ પંચાયતનો સંપર્ક કરવો.

**તલાટી કમ મંત્રી**
**લોંકા ગ્રામ પંચાયત**
**તા. લીલીયા મોટ, જિ. અમરેલી**

**સરપંચ**
**લોંકા ગ્રામ પંચાયત**
**તા. લીલીયા મોટ, જિ. અમરેલી**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૪૭૫ | ૧૯૬૧ |
| ૨ | તલ કાળા | ૩૧૫૧ | ૩૪૫૦ |
| ૩ | તલ પીળા | ૧૯૪૨ | ૧૯૭૧ |
| ૪ | કપાસ | ૧૧૫૦ | ૧૩૭૨ |
| ૫ | બાજરો | ૩૮૫ | ૫૯૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૬૫ | ૬૧૭ |
| ૭ | જુવાર | ૪૯૧ | ૮૧૮ |
| ૮ | અડદ | ૭૧૦ | ૭૧૦ |
| ૯ | ચણા | ૬૫૧ | ૧૨૫૧ |
| ૧૦ | ધાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૨ | સોયાબીન | ૭૯૪ | ૭૯૪ |

# અમરેલી : અમર ડેરી ખાતે પદ્મશ્રી રામશરણ વર્માની મુલાકાત





બારાબંકી, ઉત્તરપ્રદેશના પ્રસિદ્ધ પ્રગતિશીલ ખેડૂત તથા પદ્મશ્રી પુરસ્કાર વિજેતા રામશરણ વર્માઆજે અમર ડેરીની મુલાકાતે આવ્યા હતા. તેમણે સંઘના કાર્યરત હનીફાર્મિંગ પ્લાન્ટ તેમજ મધમાખી તાલીમ ભવનની મુલાકાત લીધી હતી. વર્માજીએ ડેરીસંચાલન, મધઉત્પાદન અને તાલીમ કાર્યક્રમોની વિગતવાર જાણકારી મેળવી તથા અમર ડેરીના પ્રયત્નોની પ્રશંસા કરી. આ અવસરે IFFCO અને NCUIના ચેરમેન આદરણીય દિલીપભાઈ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વર્માજીનું હાર્દિક સ્વાગત કરી અમર ડેરીની વિવિધ યોજનાઓ અને ખેડૂતોના હિતાર્થે ચાલી રહેલા પ્રયોગોની માહિતી આપી. સાથે જ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર ડો. આર. એસ. પટેલ, ધીરૂભાઈ વાલા તથા અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. વર્માજીએ હનીફાર્મિંગપ્લાન્ટના કાર્ય અને મધમાખી તાલીમ ભવનની સુવિધાઓ નિહાળી પ્રશંસનીય પ્રતિસાદ આપ્યો. તેમનું માનવું હતું કે આવી પહેલો ખેડૂતોને વૈકલ્પિક આવકના સ્ત્રોત પૂરા પાડવામાં મદદરૂપ બનશે અને ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બનાવશે. અમર ડેરીની આ મુલાકાત સૌ માટે ગૌરવપૂર્ણ ક્ષણ રહી હતી અને ભવિષ્યમાં ખેડૂતોને વધુ ટેકનોલોજી આધારિત પ્રવૃત્તિઓ તરફ દોરી જવાની પ્રેરણા પુરવાર થઈ છે.

### રાષ્ટ્રપતિ મૂર્મુએ અપાવ્યા શપથ

## દેશના ૧૫મા ઉપરાષ્ટ્રપતિ બન્યા સી.પી. રાધાકૃષ્ણન


**સી. પી. રાધાકૃષ્ણનની શપથવિધિ દરમિયાન જગદીપ ધનખડ અન્ય પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ અને હામિદ અન્સારીની બાજુમાં બેઠા હતા**

નવી દિલ્હી, તા.૧૨

સી પી રાધાકૃષ્ણને આજે શુક્રવારે ૧૫મા ઉપરાષ્ટ્રપતિ પદે શપથ ગ્રહણ કર્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ તેમને પદ અને ગોપનીયતાના શપથ ગ્રહણ કરાવ્યા છે. આ શપથ ગ્રહણ સમારોહમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ પણ જોવા મળ્યા હતા. તે ૨૧ જુલાઈના રોજ રાજીનામું આપ્યા બાદ પ્રથમ વખત જાહેરમાં જોવા મળ્યા છે. સી. પી. રાધાકૃષ્ણનની શપથવિધિ દરમિયાન જગદીપ ધનખડ અન્ય પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ અને હામિદ અન્સારીની બાજુમાં બેઠા હતા. ૫૩ દિવસ બાદ તેઓ પહેલી વખત જાહેર સમારોહમાં જોવા મળ્યા હતા. જગદીપ ધનખડે ઓગસ્ટ, ૨૦૨૨માં ઉપરાષ્ટ્રપતિનું પદ સંભાળ્યુ હતું. ૨૧ જુલાઈના રોજ સંસદના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ રાજીનામું આપી દીધું હતું. તેમણે સ્વાસ્થ્યનો હવાલો આપી રાજીનામું આપ્યું હતું. તેમના રાજીનામા બાદ વિપક્ષે વાંધો ઉઠાવતાં વિવાદ સર્જાયો હતો. NDAના ઉમેદવાર અને મહારાષ્ટ્રના પૂર્વ રાજ્યપાલ સી પી રાધાકૃષ્ણને આજે શુક્રવારે દેશના ૧૫મા ઉપરાષ્ટ્રપતિ પદે શપથ ગ્રહણ કર્યા છે. તેમણે હરીફ I.N.D.I.A બ્લોકના ઉમેદવાર અને સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ બી સુદર્શન રેડ્ડીને બહુમતી સાથે હાર આપી હતી. આરએસએસ સાથે જોડાયેલા તમિલનાડુના વરિષ્ઠ ભાજપ નેતા સી પી રાધાકૃષ્ણન(ઉ.વ. ૬૭) એ ૪૫૧ મત હાંસલ કર્યા હતા, જ્યારે બી. સુદર્શન રેડ્ડીને ૩૦૦ મત મળ્યા હતા.

ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએના સાંસદો અને સમર્થકોની સંખ્યાને ધ્યાનમાં લેતાં સી પી રાધાકૃષ્ણનની જીત પહેલાંથી જ નિર્ધારિત હતી. એનડીએ પાસે ૪૨૭ સાંસદ હતા, આ સિવાય રૂજીઇ કોંગ્રેસ પક્ષના ૧૧ સાંસદો અને અન્ય પક્ષનું સર્મથન પણ હતું. જેથી તેઓ ૩૭૭નો આંકડો સરળતાથી પાર કરી ગયા. એનડીએના પક્ષમાં ક્રોસ-વોટિંગના સંકેત પણ જોવા મળ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં જીત બાદ રાધાકૃષ્ણને ગુરુવારે મહારાષ્ટ્રના રાજ્યપાલ પદ પરથી રાજીનામું આપ્યું હતું. રાષ્ટ્રપતિ મૂર્મુએ નવી નિમણૂક માટે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને



મહારાષ્ટ્રનો કાર્યભાર સોંપ્યો છે. કોયમ્બતુરમાંથી બે વખત સાંસદ અને તમિલનાડુ ભાજપના પૂર્વ અધ્યક્ષ રાધાકૃષ્ણન રાજકારણમાં દાયકાથી વધુ સમયથી સેવા આપી રહ્યા છે. તેમણે રાજકીય કારકિર્દી જનસંઘથી શરુ કરી હતી, બાદમાં ભાજપમાં સામેલ થયા. જગદીપ ધનખડ ઉપરાષ્ટ્રપતિ પદ પર હતા, ત્યારે ઘણીવખત સરકારની વિરોધમાં નિર્ણયો આપ્યા હતા. તેમણે સરકારની ઘણી કામગીરી પર વાંધો ઉઠાવ્યો હતો. આ ચોમાસું સત્રમાં અચાનક રાજીનામું આપતાં વિપક્ષે અનેક સવાલો ઉઠાવ્યા હતા. જેથી તેમનું રાજીનામું રાજકારણમાં વિવાદનું કારણ બન્યું હતું. ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપ્યાના બે મહિના બાદ સુધી તેઓ જાહેર જીવનથી સંપૂર્ણપણે ગુમ થયા હતા. જેનાથી રાજકીય ખળભળાટ મચ્યો હતો. સોશિયલ મીડિયા પર અનેક અટકળો અને વિવાદ થયા હતા. જો કે, તેમણે સ્વાસ્થ્ય સંબંધિત કારણોના લીધે રાજીનામું આપ્યું હોવાનું જણાવ્યું હતું.

ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં સીપી રાધાકૃષ્ણને I.N.D.I.A ગઠબંધનના ઉમેદવાર અને સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ બી. સુદર્શન રેડ્ડીને ૧૫૨ મતથી હરાવ્યા હતા. ચૂંટણીમાં ૭૮૮ સભ્યોમાંથી ૭૬૭ સભ્યોએ મતદાન કર્યું હતું. રાધાકૃષ્ણનને અપેક્ષા કરતાં વધુ ૪૫૨ મત મળ્યા હતા. જ્યારે સુદર્શન રેડ્ડીને માત્ર ૩૦૦ મત મળ્યા હતા. કોયમ્બતુરમાંથી બે વખત સાંસદ અને તમિલનાડુ ભાજપના પૂર્વ અધ્યક્ષ રાધાકૃષ્ણન રાજકારણમાં દાયકાથી વધુ સમયથી સેવા આપી રહ્યા છે. તેમણે રાજકીય કારકિર્દી જનસંઘથી શરુ કરી હતી, બાદમાં ભાજપમાં સામેલ થયા.

### ગૃહિણીઓનું બજેટ ખોરવાયું !

## ભારે વરસાદથી શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો થયો

**અતિવૃષ્ટિ જેવી સ્થિતિ વચ્ચે ખેતરોનું ધોવાણ થવાથી હાલ શાકભાજીના ભાવમાં પ્રતિકિલો ૩૦થી ૪૦ નો વધારો**

અમદાવાદ, તા.૧૨

દેશની સાથે રાજ્યના કેટલાક ભાગોમાં અતિભારે વરસાદથી ખેતીને મોટાપાયે નુકસાન થયું છે. તેના કારણે શાકભાજીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. અતિવૃષ્ટિ જેવી સ્થિતિ વચ્ચે ખેતરોનું ધોવાણ થવાથી હાલ શાકભાજીના ભાવમાં પ્રતિકિલો ૩૦થી ૪૦ રૂપિયાનો વધારો થયો છે. જેની સીધી અસર ગૃહિણીઓના બજેટ પર થઈ છે. આ ખાસ કરીને, ચોમાસામાં વેલાના શાકભાજી આવતા હોય છે. ત્યારે ભારે વરસાદમાં વેલા ધોવાઈ જતા શાકભાજીનું ઉત્પાદન ઘટ્યું છે.

શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો થયો છે. તો શાકભાજીના વેપારીઓ પણ જણાવી રહ્યા છે કે જે રાજ્યોમાં વધારે વરસાદ ખાબક્યો છે. ત્યાં શાકભાજીના ઉત્પાદન અસર થઈ છે. તે રાજ્યોમાંથી શાકભાજીનો જથ્થો ઓછો આવતા ભાવ ઉંચકાયા છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેના કારણે ખેતરો જળમગ્ન થતા પાક બગડ્યો છે. અતિવૃષ્ટિ જેવી સ્થિતિ વચ્ચે ખેતરોનું ધોવાણ થવાથી હાલ શાકભાજીના ભાવમાં પ્રતિકિલો ૩૦થી ૪૦ રૂપિયાનો વધારો થયો છે. જેની સીધી અસર ગૃહિણીઓના બજેટ પર થઈ છે.

### સૌથી વધુ ૨૨ લાખ હેક્ટર વિસ્તારમાં થયું વાવેતર

## મગફળીના ઉત્પાદનમાં ગુજરાત રચશે ઈતિહાસ

**આ વર્ષે ગુજરાતનું મગફળી ઉત્પાદન વર્ષ ૨૦૧૮-૧૯ની સરખામણીએ ૬૬ લાખ મેટ્રિક ટન થવાનો પ્રાથમિક અંદાજ**

ગાંધીનગર, તા.૧૨

મગફળી પાક છેલ્લા ઘણા વર્ષોથી ભારત અને ગુજરાતના અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે. સૌથી વધુ મગફળી ઉત્પાદન કરતા ટોચના દેશોમાં ભારતે અગ્રીમ હરોળમાં પોતાનું સ્થાન જમાવ્યું છે. ત્યારે ભારતના કુલ મગફળી ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો આજે ૫૦ ટકાથી પણ વધુ છે. મગફળી વાવેતર અને ઉત્પાદન ક્ષેત્રે દેશમાં ગુજરાતનો દબદબો આ વર્ષે પણ યથાવત છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં છેલ્લા ઘણા વર્ષોથી રાજ્યમાં મગફળીના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રાજ્યમાં કુલ ૧૫.૯૪ લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીનું વાવેતર થયું હતું. જેની સામે ચાલુ વર્ષે મગફળીના સમાન્ય વાવેતર વિસ્તારની સરખામણીએ ૨૫ ટકાના વધારા સાથે રાજ્યમાં અત્યાર સુધીના સૌથી વધુ ૨૨ લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીનું વાવેતર થયું છે.

તેવી જ રીતે, રાજ્યમાં મગફળીનું ઉત્પાદન પણ વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૨ લાખ મેટ્રિક ટનથી વધુ નોંધાયું હતું, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૦ લાખ મેટ્રિક ટનના વધારા સાથે કુલ ૫૨.૨૦ લાખ મેટ્રિક ટન નોંધાયું હતું. આ વર્ષે ગુજરાતનું મગફળી ઉત્પાદન વર્ષ ૨૦૧૮-૧૯ની સરખામણીએ ત્રણ ગણા વધારા સાથે રાજ્યના ઈતિહાસનું સૌથી વધુ ૬૬ લાખ મેટ્રિક ટન થવાનો પ્રાથમિક અંદાજ છે, તેમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, ખેડૂતોને આર્થિક સુરક્ષા પૂરી પાડવા માટે સરકાર દ્વારા મગફળી માટે વાવેતર અગાઉ જ લઘુત્તમ ટેકાના ભાવ જાહેર કરીને તેમની પાસેથી દર વર્ષે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાતના એક લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૧,૦૬૮ કરોડના મૂલ્યની કુલ ૨ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી.

ગત વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યમાં થયેલા મગફળીના પુષ્કળ ઉત્પાદનના પગલે રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળીની અત્યાર સુધી સૌથી રેકોર્ડબ્રેક ખરીદી કરી હતી. જેમાં રાજ્યના ૩.૬૭ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૮,૨૯૫ કરોડના મૂલ્યની કુલ ૧૨.૨૨ લાખ મેટ્રિક ટન મગફળીની બમ્પર ખરીદી કરવામાં આવી હતી. આ વર્ષે પણ ખેડૂતો પાસેથી પૂરતી માત્રામાં મગફળીની ખરીદી કરવામાં આવશે, તેમ તેમણે કહ્યું હતું.

મંત્રી પટેલે જણાવ્યું હતું કે, તાજેતરનાં વર્ષોમાં મગફળીના વધેલા બજાર ભાવ, સરકાર દ્વારા જાહેર કરાતા ઊંચા લઘુતમ ટેકાના ભાવ, ટેકાના ભાવે ખેડૂતો પાસેથી સરકાર દ્વારા થતી સીધી ખરીદી અને મગફળીમાં વધારે ઉત્પાદન આપતી નવી જાતોના સંશોધનોના પરિણામે ગુજરાતમાં મગફળીનો વાવેતર વિસ્તાર સતત વધી રહ્યો છે.

મગફળીનું સારું ઉત્પાદન મેળવવા અત્યારે ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કૃષિ યુનિવર્સિટીઓ અને ભારતીય મગફળી સંશોધન સંસ્થા દ્વારા વિકસાવવામાં આવેલી ગુજરાત ગ્રાઉન્ડનટ-૨૦, ૩૨, ૩૯, ૨૩ નંબર અને ગિરનાર-૪ જેવી લોકપ્રિય જાતોનું ખેડૂતો દ્વારા વાવેતર કરવામાં આવે છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, મગફળીનો ઉપયોગ મુખ્યત્વે આહાર અને ખાદ્યતેલમાં થાય છે, જે ગુજરાતી ભોજનનો અભિન્ન અંગ છે. આ ઉપરાંત તેના ખોળનો ઉપયોગ પશુ આહારમાં પણ થાય છે.

ગુજરાતની જમીન અને આબોહવા મગફળીના પાક માટે ખૂબ જ અનુકૂળ હોવાથી છેલ્લા ૧૫૦ વર્ષ કરતા પણ વધુ સમયથી રાજ્યમાં મગફળીનું પુષ્કળ વાવેતર થઈ રહ્યું છે. એમાં પણ સૌરાષ્ટ્ર પ્રદેશને તો "મગફળીનો ગઢ" માનવામાં આવે છે.

### લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કટાક્ષ કર્યો

## સારું કહેવાય કે PM મોદી મણિપુર જશે, પણ હાલ વોટ ચોરીનો મુદ્દો મહત્ત્વનો: રાહુલ ગાંધી

**મણિપુરમાં મે, ૨૦૨૩માં કુકી અને મૈતઈ સમુદાયો વચ્ચે કોમી સંઘર્ષ બાદ આ તેમની પ્રથમ મુલાકાત હશે**

નવી દિલ્હી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૧૩ સપ્ટેમ્બરના રોજ મિઝોરમ અને મણિપુરની મુલાકાત લેવાના છે. આ મુલાકાત પર લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું કે, મણિપુરમાં આ મુદ્દો (કોમી તણાવ) લાંબા સમયથી ચાલી રહ્યો છે. આ સારી વાત છે કે, તે છેક હવે મુલાકાત લઈ રહ્યા છે. પરંતુ દેશનો મુખ્ય મુદ્દો 'વોટ ચોરી'નો છે. તેમણે હરિયાણા અને મહારાષ્ટ્રમાં ચૂંટણી જનાદેશની ચોરી કરી છે. દેશભરના લોકો વડાપ્રધાનને વોટ ચોર કહી રહ્યા છે. મણિપુરમાં હિંસા થયા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અવારનવાર મણિપુરની મુલાકાત લઈ ચૂક્યા છે. તેમણે મણિપુરના લોકો સાથે મળી તેમની ચિંતા અને પ્રશ્નો સંસદ સુધી પહોંચાડ્યા હતા. વડાપ્રધાન મોદી હિંસાના ૨૭ મહિના બાદ મણિપુરની મુલાકાત લઈ રહ્યા છે.

વડાપ્રધાન મોદી આવતીકાલે મિઝોરમ અને મણિપુરની મુલાકાત લેવાના છે. મણિપુરમાં મે, ૨૦૨૩માં કુકી અને મૈતઈ સમુદાયો વચ્ચે કોમી સંઘર્ષ બાદ આ તેમની પ્રથમ મુલાકાત હશે. મણિપુર હિંસામાં અત્યાર સુધી ૨૬૦થી વધુ લોકોના મોત થયા છે. હજારો પરિવાર વિસ્થાપિત થયા છે. અનેક લોકોના પરિવાર રઝળી પડ્યા છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં મુખ્યમંત્રી એન. બિરેનસિંહના રાજીનામા બાદ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે. અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે, વડાપ્રધાન મોદી મણિપુરમાં રૂ. ૮૫૦૦ કરોડની વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરશે. વડાપ્રધાન મોદી કુકી અને મૈતેઈ સમુદાયોના પ્રતિકાત્મક કેન્દ્રો ચુરાચાંદપુર અને ઈમ્ફાલમાં આયોજિત કાર્યક્રમમાં સામેલ થશે. તેઓ હિંસાના પીડિતો-બેઘર પરિવારોની મુલાકાત પણ લઈ શકે છે. તેમજ તેમના પુનર્વસન માટે રાહત પેકેજ જાહેર કરશે. નિષ્ણાતો અનુસાર, તેઓ બંને સમુદાયો વચ્ચે સંતુલન સ્થાપિત કરવા તેમજ વર્તમાન માનવીય-રાજકીય સંકટમાં સ્થિરતા લાવવાનો પ્રયાસ કરશે. વડાપ્રધાન મોદી ઈમ્ફાલના કાંગલા કિલ્લામાં એક જાહેર સભાને સંબોધિત કરશે. તેઓ ૧૫ સપ્ટેમ્બરના રોજ મિઝોરમની મુલાકાત લેશે.

### ૯ જિલ્લા પ્રમુખ સામે વ્યક્ત કરી નારાજગી

## કોંગ્રેસની પ્રશિક્ષણ શિબિરમાં ખડગેએ નેતાઓના લીધા ક્લાસ

**સત્તા અને જીત મળે કે ન મળે પરંતુ સંગઠન મજબૂત બને તેવા પ્રયત્નો કરવા ખડગે દ્વારા ટકોર કરાઇ હતી**

જૂનાગઢ, તા.૧૨

કોંગ્રેસના પ્રશિક્ષણ શિબિરમાં રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ નેતાઓના ક્લાસ લીધા છે. કોંગ્રેસના પ્રમુખોને પરફોર્મસ બતાવવા અલ્ટિમેટમ આપ્યું છે. નવી નિમણૂકમાં ૯ જેટલા પ્રમુખોની કામગીરી સામે કેન્દ્રીય નેતૃત્વએ નારાજગી વ્યક્ત કરી છે.

હોદ્દા લઈને ઘરે બેસી રહેશો તે નહીં ચાલે, તેવો સ્પષ્ટ સંદેશો તેમણે આપ્યો છે. સત્તા અને જીત મળે કે ન મળે પરંતુ સંગઠન મજબૂત બને તેવા પ્રયત્નો કરવા ટકોર કરાઈ છે. ૯ જેટલા પ્રમુખોની કામગીરીને બિરદાવાઈ છે. દેવભુમિ દ્વારકા, જામનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહિતના જિલ્લા પ્રમુખોની કામગીરીથી પાર્ટી સંતુષ્ટ છે. નબળી કામગીરી ધરાવતા જિલ્લા પ્રમુખોને ૯૦ દિવસનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. યોગ્ય કામગીરી નહીં બતાવે તો હોદ્દા પરથી દૂર કરવા સુધીની પાર્ટીની તૈયારી છે. પ્રમુખોની કામગીરીનું સીધુ મોનિટરીંગ દિલ્લી કેન્દ્રીય નેતૃત્વમાંથી ચાલી રહ્યું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની ટકોર બાદ પણ જૂનાગઢ-કોંગ્રેસની પ્રશિક્ષણ શિબિરમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખની સૂચક ગેરહાજરી સામે આવી છે. કોંગ્રેસના જિલ્લા પ્રમુખ પ્રતાપ દુધાત ગેરહાજર રહ્યા છે. રાષ્ટ્રીય નેતૃત્વએ પ્રતાપ દુધાતની ગેરહાજરીની ગંભીર નોંધ લીધી છે. અગાઉની શિબિરમાં પણ પ્રતાપ દુધાત હાજર રહ્યા ન હતા.

કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ કે.સી.વેણુગોપાલે કહ્યું કે, કોંગ્રેસમાં જે લોકો કામ કરે છે તેને પ્રોત્સાહન મળશે, જે લોકો કામ નહીં કરે તેની પાસેથી હોદ્દો છીનવી લેવામાં આવશે. બીજી બાજુ, પ્રતાપ દૂધાતની ગેરહાજરી પર લાલજી દેસાઈનું નિવેદન સામે આવ્યું છે કે, આ અમારી આંતરિક બાબત છે. પ્રતાપ દુધાતે વિધિવત રજા ચિઠ્ઠી મૂકી છે.

અમરેલીના જીલ્લા પ્રમુખ પ્રતાપ દુધાતની ગેરહાજરી મામલે કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, પ્રતાપ દુધાતના કાકાનું અવસાન થયું હોવાથી તેઓ હાજર રહ્યા નથી. કે.સી. વેણુગોપાલે કોઈપણ પ્રમુખના નામજોગ ટિપ્પણી કરી નથી.

# અમરેલી ખાતે જિલ્લા કક્ષા નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા યોજાઇ : કુલ ૩૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો







કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર અમરેલીની રાહબરી હેઠળ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અમરેલી સંચાલિત અને ગજેરા સંકુલના સહયોગથી નવરાત્રી રાસ–ગરબા સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. નવરાત્રી મહોત્સવમાં જુદા જુદા વયજૂથમાં ૧૫ ટીમોએ ભાગ લીધો હતો. કુલ ૩૦૦ સ્પર્ધકોએ ભાગ લઈને નવરાત્રી મહોત્સવને સફળ બનાવ્યો હતો. જિલ્લા યુવા વિકાસ અધિકારીએ જણાવ્યું કે, ગુજરાતના ૧૪ થી ૪૦ વર્ષની વયજૂથના કલાકારોને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે આ સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવે છે. અર્વાચીન અને પ્રાચીન રાસ ગરબા સ્પર્ધા માટે યુવક અને યુવતીઓ ભાગ લે છે. નવરાત્રી રાસ ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા ટીમના કલાકારો આગામી સમયમાં યોજાનાર રાજયકક્ષા નવરાત્રી મહોત્સવમાં ભાગ લઈને અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. જિલ્લા કક્ષા નવરાત્રી રાસ ગરબા સ્પર્ધામાં અમુલભાઈ પરમાર, જોલીબેન કાલાવાડીયા તથા ચંદ્રસિંહ ગોહિલે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. કાર્યક્રમમાં પ્રાંત અધિકારી એમ.જે. નાકીયા, પટેલ સંકુલના મેનેજિંગ ડાયરેક્ટર મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ, વલ્લભભાઈ રામાણી, જિલ્લા યુવા વિકાસ અધિકારી વી.બી. પરમાર ઉપસ્થિત રહ્યા હતા.





## ''સબ ભૂમિ ગોપાલ કી'' સમજીને વ્યાપક પ્રમાણમાં દબાણની ફરિયાદ

# બાબરામાં જાહેર માર્ગો ઉપરનું દબાણ દૂર કરવા માંગ

**સિધ્ધિ વિનાયક, શ્રીજીનગર અને રામનગર સહિતનાં વિસ્તારોમાં જાહેર માર્ગો ઉપર દબાણ**

**મહિલાઓ સહિતનાં શહેરીજનોએ પાલિકામાં હોબાળો કરતાં પાલિકા પ્રમુખ દોડી આવ્યા**

**પાલિકા પ્રમુખે જાહેર માર્ગ ઉપરનું દબાણ દૂર કરવા સુચના આપતાં મામલો શાંત**

**જાહેર માર્ગ ઉપર દબાણ કરનાર વિરૂધ્ધ ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવશે**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૨

બાબરામાં સિદ્ધિવિનાયક સોસાયટી, શ્રીજી નગર અને રામનગર વિસ્તારમાં નગરપાલિકા દ્વારા તાજેતરમાં રોડ જાહેર રસ્તાઓ તેમજ બઝારમાં બનાવવા આવ્યા છે. અહીંથી પસાર થતા સ્થાનિક રહીશો કે અન્ય રાહદારીઓને હાલાકી ના પડે તેમાટે પાલિકા દ્વારા સુઘડ રસ્તા બનાવવા આવ્યા છે. પણ આજ વિસ્તારમાં રહેતા અમુક લોકોને રસ્તાની બાજુમાં મકાન કે ઘર પડતા હોવાથી લોકોની અવરજવરમાં નડતરરૂપ બનતા તેઓએ જાતે રસ્તા બ્લોક કરી સદંતર અવરજવર બંધ કરતા આ વિસ્તારના હજારો લોકો પોતાની સોસાયટીમાં ફરી ફરી જવાની ફરજ પડવા લાગી. બાળકોને શાળાએ જવું તો દવાખાને જવાની ફરજ પડે અને બઝારમાં અન્ય ખરીદી કરવા જવું હોય રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઈવે રોડ ફરીને જવાની ફરજ પડતી હતી. આ વિસ્તારના લોકોએ અનેકવાર પાલિકામાં રજુઆત કરી તેમજ તાત્કાલીક ચીફ ઓફિસર દ્વારા રસ્તા ખુલ્લા કરવાનો હુકમ પણ કર્યો તેને મહિના વિત્યા છતાં કોઈ કાર્યવાહી નહિ થતા આ વિસ્તારના લોકો વિફર્યા અને પાલિકા કચેરીમાં ઉગ્ર રજુઆત કરવા દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર અને કારોબારી સમિતિ ચેરમેન અનિભાઈ મકવાણા કચેરીમાં દોડી આવ્યા હતા અને લોકોની રજુઆત સાંભળી પાલિકા સ્ટાફને એક દિવસમાં જે સોસાયટીમાં જાહેર રસ્તાઓ બ્લોક છે તે તમામ ખુલ્લા

અનુસંધાન પાના ૬ ઉપર

## સાવરકુંડલાનાં ધારાસભ્ય કસવાલાની રજૂઆત

# મહુવા-સુરત વચ્ચે દિવાળીના તહેવારોમાં વધારાની ટ્રેન સેવા શરૂ કરવા માંગ

**રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવીને પત્ર પાઠવીને દિવાળીનાં તહેવારોમાં મહુવા-સુરત વચ્ચે અપડાઉન ટ્રેન સેવામાં વધારો કરવાની માંગ કરેલ છે.

## રાજય ચુંટણી આયોગે પ્રાથમિક આદેશ કર્યો

# ધારી નગરપાલિકાનાં વોર્ડની રચના સીમાકંન તથા બેઠકની ફાળવણીની જાહેરાત કરવામાં આવી

**જાહેર જનતાએ સમય મર્યાદામાં સુચનો રજુ કરવા**

અમરેલી, તા.૧૨

રાજય ચૂંટણી આયોગે એક પ્રાથમિક આદેશ દ્વારા નવરચિત ધારી નગરપાલિકાના વોર્ડોની રચના, સીમાંકન તથા બેઠકની ફાળવણી કરી છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા નિયમોનુસાર વસ્તી વગેરેના માપદંડોને ધ્યાને રાખીને ધારી નગરપાલિકા માટે ૭ વોર્ડની રચના કરવામાં આવી છે.

ધારી નગરપાલિકામાં ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયું છે, જે પૈકી ૧ બેઠક સ્ત્રી અનામત રાખવામાં આવી છે. પછાત વર્ગો માટે ૮ બેઠકો અનામત રાખવામાં આવી છે, એ પૈકી ૪ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયું છે.

આમ, નવરચિત ધારી નગરપાલિકા માટે ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૩૦,૩૫૨ની વસ્તી છે, જેમાં કુલ ૭ વોર્ડની કુલ ૨૮ બેઠકો રહેશે. જે પૈકી કુલ ૧૯ બેઠકો અનામત રહેશે અને ૯ સામાન્ય રહેશે. નવરચિત ધારી નગરપાલિકાના વોર્ડોની રચના, સીમાંકન તથા બેઠકની ફાળવણીનો વિગતવાર આદેશ ધારી નગરપાલિકાના કચેરીના નોટિસ બોર્ડ પર જોઈ શકાશે.

રાજય ચૂંટણી આયોગે આ પ્રાથમિક આદેશ તા. ૮/૯/ ૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કર્યો છે, આ આદેશ સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર મોકલી આપવાના રહેશે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટર અમરેલીને ઉક્ત સમય માર્યાદામાં આપવાની રહેશે.

રાજય ચૂંટણી આયોગ ધારી નગરપાલિકાના વોર્ડની નક્કી કરેલી હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## નાયબ ઈજનેરને રજુઆત

# દામનગરમાં કારખાનેદારોને ભારે ભરખમ વીજબીલથી પરેશાની

**અવારનવાર રજુઆત છતાં પરિણામ શુન્ય**





દામનગર,તા. ૧૨


દામનગર શહેરમાં ડાયમંડ એસો.ના નેતૃત્વ માં અનેક નાના કારખાને દારો એ દામનગર પીજીવીસીએલ કચેરી ખાતે ડેપ્યુટી ઈજનેર સમક્ષ રજુઆત કરી છે વીજ મીટર બાદ વીજ બિલમાં ચાર થી પાંચ ગણો વધારો કેમ ? મામુલી વપરાશ કરતા ઓને ખૂબ મસમોટા વીજ બિલ આવતા કારખાનેદારોની રજુઆત વારંવાર આવેદન પત્ર પછી પણ આ પ્રશ્ને ડિવિઝનને રજુઆત કરોની ડેપ્યુટીની સૂફીયાણી સલાહ સ્માર્ટ વીજ મીટર બાદ દામનગર ડાયમંડ એસો. દ્વારા અનેક વાર સામુહિક પણામાં રજૂઆતો પછી પણ સ્થાનિક પીજીવીસીએલની હા હો ની નીતિ કેમ ? સ્માર્ટ વીજ મીટર ઉપરાંત વારંવાર વીજ પુરવઠો ખોરવાય જતા પરેશાન

અનુસંધાન પાના ૬ ઉપર

## સાવરકુંડલા નજીક આવેલ

# મોટા ઝીંઝુડા ગામે દેવશીભાઈ રબારીનાં ખેતરમાં આવેલો કૂવો એટલે જાણે અક્ષય કુંભ

**અવિરત વહેતા ઝરણાથી સૌ કોઈ પ્રભાવીત**



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાનું મોટા ઝીંઝુડા ગામમાં દેવશીભાઈ રબારી પોતે ગામમાં બાવીશ વીઘા જમીન ધરાવે છે. આ જમીનમાં ખૂણામાં એક કૂવો છે જે કૂવામાંથી ક્યારેય પણ પાણી ખાલી જ નથી થતું અને પાણી ઓવરફલો થઈ સતત બહાર નીકળી અને ઝરણા માફક સતત ખળખળ વહી રહી રહ્યું છે. ૨૪ કલાક વહેતું આ પાણીનું વહેણનો દેવશીભાઈ વિદ્યુત મોટર દ્વારા પાણીનો ઉપયોગ તો કરે જ છે. અરે, આસપાસના ખેડૂતો પણ આ પાણી લઈ જઈ રહ્યા છે છતાં પણ આ કૂવામાંથી કયારેય પાણી ખૂટતું નથી.!! આમ દેવશીભાઈનો આ કુવો આસપાસના લોકોને માટે પણ બારેમાસ સિંચાઈ તરીકે ઉપયોગ થાય છે. સામાન્ય રીતે વરસાદ આધારિત ખેતી તો ચોમાસામાં જ થઈ શકે. પરંતુ દેવશીભાઈ તો આ કુવાના માધ્યમથી ત્રણ સીઝન પાક આ ખેતી દ્વારા લઈ રહ્યા છે. અને અન્ય લોકોને પણ પાણી પુરવઠા વિતરણ કરી સહાય રૂપ થઈ રહ્યા છે ત્યારે હાલ આ ૮૦ ફૂટ ઊંડા કૂવામાંથી સતત પાણી વહી રહ્યો છે અને તે પણ ઝરણા માફક જે દ્રશ્ય પણ આહલાદક અને અનુપમ હોય છે પ્રથમ દ્રષ્ટિએ જોતા આ કૂવો જાણે કોઈ ટાંકો હોય તેવો લાગે!! પરંતુ પાસે જઈ એત્યારે

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)